# વાયડામિત્ર

વર્ષ : ૯૬ અંક : ૧ જાન્યુઆરી - ૨૦૧૮

કિંમત રૂ ૩૦ (વાર્ષિક)



With Best compliment form

## Shree Vayad Group of Companies

**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samarinandan Projects pvt. Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Trupti Rajendra Shah
Rahul Shah

Jitendra Shah
Sunita Shah

**Address**

7, Badeshwar Building, Opp. One up Store, Rajawadi,
M.G. Road, Ghatkopar, East Mumbai - 400 077
Ph. 022-21027687, E-Mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા - માર્ચ, ઈ.સ. ૧૯૨૧

જાન્યુઆરી - ૨૦૧૮ પ્રત-૧૧૨૬, વર્ષ-૯૬ અંક-૧

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayvaset@gmail.com., Website : www.vayvaset.in

## સંચાલક ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| શ્રી ચીનુભાઈ આર. શાહ | અમદાવાદ | અધ્યક્ષ (emeritus) |
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપ-પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપ-પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી (ટ્રસ્ટી તરીકે નિમણૂક બાકી) |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |


**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી-૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ ઈમેઈલ : snp4758@gmail.com

**માનદ્ વ્યવસ્થાપક : શ્રી નિશીથભાઈ એ. પરીખ**

સી, ૪૦૪, અર્જુન એલીગન્સ, એ.ઈ.સી ક્રોસ રોડ, ભગીરથ સોસાયટી સામે,

નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩

ફોન નં.: ૯૪૨૮૪૬૧૮૨૨ ઈમેઈલ : naparikh7@yahoo.in

### મેમ્બરશીપ લવાજમ

**ભારતમાં:** રૂા.૩૦/-(સામાન્ય), રૂા.૧૦૦૧/-(આજીવન), રૂા.૨૫૦૧/-(પેટ્રન), **વિદેશમાં** : રૂા. ૫૦૦૧/-

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ શ્રી નિશીતભાઈને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust

Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

# નવ-નિયુક્ત પ્રમુખશ્રી શશાંકભાઈ ઈન્દુભાઈ શાહનો સંદેશ



શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટના પ્રમુખ તરીકે મારો આ પ્રથમ સંદેશ આપ સહુ વાંચશો ત્યારે ઈંગ્લીશ કેલેન્ડરમાં વર્ષ બદલાઈને ૨૦૧૮ થઈ ચુક્યું હશે. સર્વ જ્ઞાતિજનોને નવા વર્ષની મારી શુભેચ્છાઓ.

પરમ કૃપાળુ પરમાત્માની વંદના સાથે પ્રથમ હું આપણા કુળદેવી શ્રી સમીરી કામદાદેવી વાયડ માતાજીને સાદર નમસ્કાર કરું છું. જ્ઞાતિની આ સંસ્થાની કમાન સોંપવા બદલ સંસ્થાના આદરણીય ચેરમેનશ્રી ચીનુભાઈ સાહેબ તથા ટ્રસ્ટીગણનો હું આભારી છું.

આ મહત્વની વેળાએ હું મારા સ્વ. પુ. પિતાશ્રી ઈન્દુભાઈ ડાહ્યાભાઈ શાહ (જેઓ આ સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખ હતા) તથા તેમના સહ-કાર્યકર જ્ઞાતિજન સાથીઓનું સ્મરણ કરી તેઓએ જ્ઞાતિના પાયામાં રહેલ ઉત્કર્ષલક્ષી વિચારબીજને સમાજ-સેવા સંસ્કારનું સિંચન કર્યું તે યાદ હંમેશા હૈયે રાખીશ.

ચાર દાયકા ઉપરાંતથી જ્ઞાતિ સેવામાં જોડાયેલા પરમ આદરણીય વિઝનરી ચેરમેન-એમેરીટસ શ્રી ચીનુભાઈ આર. શાહ (પૂર્વ પ્રમુખ) તથા સંસ્થાના સિદ્ધહસ્ત સીનીયર ટ્રસ્ટીશ્રી રમેન્દ્રભાઈ જે. પરીખના માર્ગદર્શન હેઠળ, નવ-નિયુક્ત બાહોશ હોદ્દેદાર સાથીઓના સહયોગથી શ્રી ગણેશજીને વંદન કરી કાર્યારંભ કરું છું.

આપણી વાયડા વણિક જ્ઞાતિની સુંદર ઝડપી પ્રગતિ તથા પરિવારોની વધતી જતી સુખાકારી મહદ્અંશે સારા શિક્ષણ / એજ્યુકેશનને આભારી છે એવું હું દ્રઢપણે માનું છું જ્ઞાતિના બાળકો તથા યુવાઓ સારું શિક્ષણ પ્રાપ્ત કરતાં રહે અને અને વિશ્વભરમાં પોતપોતાના ક્ષેત્રે સફળતાપૂર્વક છવાઈ જાય તેવી અંતરની ઈચ્છા રાખું છું. શિક્ષણ / એજ્યુકેશન ક્ષેત્રે પ્રોત્સાહિત કરતાં રહી, આગળ વધવા માંગતા બાળકો / યુવાઓને યથાયોગ્ય સપોર્ટ કરવાની મારી નેમ છે.

હાલમાં જ્ઞાતિની જ એક સંસ્થા 'શ્રી વાયડા વણિક શિક્ષણઓત્તેજક સહકારી સોસાયટી લી. અમદાવાદ' ઘણા વર્ષોથી શિક્ષણ ક્ષેત્રે જ્ઞાતિના વિદ્યાર્થી/ની

ઓને પ્રોત્સાહક પુરસ્કારોનું વિતરણ કરતી આવી છે. આ સંસ્થા ઘણાં વર્ષો પૂર્વે સ્થપાયેલ હોઈ કાયદાકીય કોમ્પ્લાયંસ સંદર્ભે હવે તેના માળખામાં પરિવર્તન આવશ્યક જણાય છે.

ટૂંક સમયમાં આ સંસ્થાના નવીનીકરણ અથવા નવા ટ્રસ્ટની રચના બાદ શૈક્ષણિક ક્ષેત્રે જ્ઞાતિ સહાય માટે સઘન પ્રયત્નો શરૂ કરીશું. એજ્યુકેશન સપોર્ટ માટે નવું ટ્રસ્ટ / વ્યવસ્થા ગોઠવાય તેને મારા તરફથી પ્રારંભિક રૂપિયા ૫૦,૦૦૦/- (પચાસ હજાર) ની ભેટ જાહેર કરતાં હું આનંદની લાગણી અનુભવું છું.

છેલ્લા છ-સાત વર્ષોથી શરૂ કરવામાં આવેલા ડીજીટલ પ્લેટફોર્મરૂપી જ્ઞાતિની વેબસાઈટ www.vayvaset.in ઉપર મુકવામાં આવેલ ઘણીમાહિતી આપના કામમાં આવશે. 'વાયડામિત્ર'ના ચાલુ તથા જુના અંકો, જી.સી.વી.(ગ્લોબલી કનેક્ટેડ વાયડા), ઓ.વી.પી.(ઓનલાઈન વસ્તી પત્રક), ઈ-મેગેઝીન વાયકનેક્ટ, નોલેજ અને એક્સ્પર્ટઈઝ હબ, આ બધા વિભાગોમાં આપના સુચન, લેખો, કાવ્યો તથા અનુભવસિદ્ધ માહિતી, જ્ઞાતિના સંકલન માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આપ સહુને આ પ્રવૃત્તિઓમાં રસપૂર્વક જોડાવા માટે અપીલ કરું છું.

જ્ઞાતિને ઈન્સ્યોરન્સ તથા મેડીસીન સહાય બાબતે આપણે કઈ રીતે સક્રિય થવું તે નિર્ણય પણ કરવો પડશે. અમદાવાદ / વડોદરા જેવા મોટા શહેરમાં તો આ વ્યવસ્થા સારી રીતે ઉપલબ્ધ છે પણ નાના ગામ તથા શહેરોમાં દવાઓનો ખર્ચ વધુ આવી શકે છે. આ બાબતે અમો બીજી સંસ્થાઓ સાથે પણ વિમર્શ કરી રહ્યા છીએ અને કોઈક પ્રકારનું સંસ્થાકીય જોડાણ ગોઠવીને જ્ઞાતિના સભ્યોને ઈન્સ્યોરન્સ તથા મેડીસીનમાં સારું ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ કરાવી શકાય તેમ લાગશે તો વધુ કાર્યાન્વિત થઈશું.

જ્ઞાતિની કન્યાઓ - મહિલાઓને આ સંસ્થાના કાર્યો તથા કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક જોડાવા સવિનય આગ્રહ કરું છું. જ્ઞાતિ ઉત્કર્ષલક્ષી બાબતો અંગે તેમના સુચન, સહકાર તથા વિમર્શનો આદરપૂર્વક સ્વીકાર કરી ધ્યાન લઈશું.

કુળદેવી શ્રી વાયડ માતાજીને સમગ્ર જ્ઞાતિના ઉચ્ચતમ સુવિકાસ માટે હરદમ પ્રાર્થના ! અસ્તુ.

**- શશાંકભાઈ આઈ. શાહ**

**પ્રમુખ - શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ**

દીપક કાંતિલાલ ઝવેરી (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

# વાયડામિત્ર..... ૯૬ વર્ષ..... અણનમ !



કોઈપણ સામયિક, એ જે તે સમયના અવાજનો, સમયના મિજાજનો અને સમયના અંદાજનો એક દસ્તાવેજ બની જાય છે. આપણું 'વાયડામિત્ર' સામયિક આપણી જ્ઞાતિનો અને તેના ગૌરવરૂપ ચરિત્રનો એક અભૂતપૂર્વ વારસો છે.

'વાયડામિત્ર' આ અંકથી ૯૬માં વર્ષમાં મંગલપ્રવેશ કરી રહ્યું છે. જ્ઞાતિ માસિકોમાં સીમાચિહ્નરૂપ બની ગયેલું 'વાયડામિત્ર' ધીમી પણ મક્કમગતિએ આગળ વધી રહ્યું છે. તે સેન્ચુરી ફટકારીને પણ અણનમ રહે તેવી આશા અસ્થાને નથી.

ગુજરાતી પત્રકારત્વમાં દૈનિક પત્રોમાં 'મુંબઈ સમાચાર' થી ૧૮૨૨માં શરૂઆત થઈ. તેની સ્થાપનાના બરાબર એકસો વર્ષ પછી ૧૯૨૧માં મુંબઈ ખાતે 'વાયડામિત્ર' શરૂ થયું. આજે 'વાયડામિત્ર' તમામ જ્ઞાતિજનોને એકસૂત્રે બાંધી રાખે છે અને જીવનલક્ષી પ્રેરકસાહિત્ય પૂરું પાડે છે.

જ્ઞાતિના કેટલાંક જાગૃત વડીલોની દીર્ઘદ્રષ્ટિ અને સંકલ્પશક્તિના પરિપાકરૂપે ઓગસ્ટ ૧૫, ૧૯૨૦ના દિવસે મુંબઈમાં ચુનીલાલ મથુરદાસના પ્રમુખપદ હેઠળ 'ધી વાયડા યુનિયન સોસાયટી'ની રચના થઈ. તેનો મુખ્ય હેતુ જ્ઞાતિમાસિક (મુખપત્ર) શરૂ કરવાનો હતો. ૧૯૨૧માં જાન્યુઆરી માસમાં (સંવત ૧૯૭૭ મહા માસ) કનૈયાલાલ ફકીરભાઈ મહેતાના તંત્રીપદ હેઠળ 'વાયડામિત્ર' સામયિકની શરૂઆત થઈ. પ્રકાશક તરીકે હીરાલાલ ઘેલાભાઈ લાકડાવાળા હતા પણ તેનું પ્રિન્ટીંગ અમદાવાદમાં ડાયમન્ડ જ્યુબિલી પ્રેસમાં દેવીદાસ છગનલાલ પરીખે કર્યું હતું. શરૂઆતમાં 'વાયડામિત્ર' ત્રિમાસિક ધોરણે પ્રસિધ્ધ થતું હતું.

હમણાં 'વાયડામિત્ર'ના સૌ પ્રથમ બે અંક વાંચ્યા. આ અંકો વાંચીએ ત્યારે એ સમયના પડઘા, એ સમયના ધબકારા અને એ સમયના પગલાંનો અનુભવ થયા વગર રહે નહીં. તે સમયની ભાષા, વિચારો, લખાણોની પ્રાસંગિકતા, વિશિષ્ટ લેખો, જ્ઞાતિના રિવાજો અને તે અંગેની નોંધો વાંચીને તાજ્જુબ થઈ જવાયું.

દરેક દસકાએ સમાજમાં જે મૂલ્યો બદલાતા રહ્યાં છે, જેમાં શિક્ષણ, કેળવણી, સભ્યતા, સંસ્કૃતિ વગેરેમાં અમૂલ પરિવર્તનોનું 'વાયડામિત્ર' મૂક સાક્ષી બની રહ્યું છે. આજે આપણા સૌનું પ્રિય સામયિક 'વાયડામિત્ર' શિરમોર છે. ભાગ્યે જ કોઈ

નિલેષ અરવિંદભાઈ શાહ (દ્રુપદ સિક્યોરીટીઝ પ્રા. લિ.), જય શ્રી કૃષ્ણ.

જ્ઞાતિ માસિકે સાડા નવ દાયકાની સફર ખેડી હશે.

'વાયડામિત્ર'ના સ્થાપકોની દીર્ઘદૃષ્ટિને પણ સલામ કરવી પડે. તેઓએ મૂળ રોપીને વિરાટવૃક્ષનું સ્વપ્ન જોયું જે ફળીભૂત થયું છે.

આ જ્ઞાતિમાસિકને સાહિત્યની કોઈ વ્યાખ્યામા ઢાળવાનું ક્યારેય મુનાસીબ માન્યું નથી. જ્ઞાતિના ઉગતા લેખકો પોતાની રચના દ્વારા સાહિત્યના ક્ષેત્રમાં પદાર્પણ કરે એજ મુખ્ય હેતુ રહ્યો છે.

'વાયડામિત્ર'માં એવું તો શું છે કે તે આપણને સૌને જકડી રાખે છે? 'વાયડામિત્ર'નો અંક નથી મળતો તો જ્ઞાતિજનોને અધૂરપ શા માટે લાગે છે ! શા માટે તે આત્મીય સ્વજન બની ગયું છે ! જવાબ છે – જ્ઞાતિ પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતા, જ્ઞાતિ પ્રત્યેનો સ્નેહ – જે ઉત્કંઠા જગાડે છે. દરેક વ્યક્તિ જ્ઞાતિના સમાચારો જાણવા ઉત્સુક હોય છે.

'વાયડામિત્ર' આપણા જ્ઞાતિજનો માટે એક સંવાદસેતુનું કામ કહી રહ્યું છે, જે આપણને સૌને એકબીજાનાં સૂક્ષ્મ છતા 'લાઈવ' ટચમાં રાખે છે! 'વાયડામિત્ર' જ્ઞાતિના વિકાસ, સંસ્કાર, શિક્ષણ અને સામાજિક નિસબતનો દસ્તાવેજ છે. આજે આપણી સમગ્ર જ્ઞાતિ 'વાયડામિત્ર'ના પાનાંઓ પર ધબકી રહી છે.

સમયને અનુરૂપ આપણે ડીજીટલ ક્રાંતિ તરફ આગળ વધી રહ્યા છે. સૌ પ્રથમ વસતીપત્રક આપણે ઓનલાઈન મૂક્યું. વળી વાય-કનેકટ (ઈ મેગેઝીન) અને નોલેજ હબ જેવા પ્રકલ્પ શરૂ થયાં છે. જ્ઞાતિની વેબસાઈટ www.vayvaset.in પણ સમયાંતરે અપડેટ થતી રહે છે. વોટ્સઅપ પર GCV ગ્રુપ શરૂ થયું છે. પણ આ બધાના વધતા પ્રભાવમાં પણ 'વાયડામિત્ર' શિરમોર છે. સ્વાભાવિક છે, 'વાયડામિત્ર' ના વાચકોની સંખ્યા વધુ જ રહેવાની. જો કે એકસો વર્ષના પ્રકાશન બાદ 'વાયડામિત્ર'ને પણ ડીજીટલ તરફ લઈ જવાની દિશામાં વિચાર થઈ રહ્યો છે.

આજે પણ પ્રિન્ટમીડિયાનું સ્થાન આંચકી એવી સ્થિતિ નથી. ઈલેક્ટ્રોનીક મીડિયા અને સોશ્યલ મીડિયાના પ્રહારો વચ્ચે પણ પ્રિન્ટ મીડિયા અડીખમ ઊભું છે. શું છે તેનું કારણ ? તીવ્ર વાચનભૂખ અને પુસ્તકો-સામયિકો પ્રત્યેનું અદમ્ય આકર્ષણ તે માટે જવાબદાર છે.

'વાયડામિત્ર' જ્ઞાતિ માટે ધબકતું હૃદય છે. જ્ઞાતિજનોના લોહીમાં હિમોગ્લોબીનની સાથે 'વાયડામિત્ર' પ્રત્યેનો પ્રેમ પણ વહેતો જોવા મળે છે. 'વાયડામિત્ર' એ અરીસો છે જમાં તમે તમારું પ્રતિબિંબ જોઈ શકો છો. 'વાયડામિત્ર' એ માત્ર સ્થૂળ

કાગળોનો જથ્થો નથી.

'વાયડામિત્ર' તેની શતાબ્દી તરફ નક્કર અને મક્કમ પગલે આગળ વધી રહ્યું છે. એક કલ્પના કરો –'વાયડામિત્ર'નું અસ્તિત્વ નથી તો શું થશે ? કદાચ નવી પેઢીને તેની સાથે લગાવ ન હોય તે સમજી શકાય છે પણ જે જ્ઞાતિજન સીનીયર સીટીઝન છે તેના માટે તે આત્મીય સભ્યની ભૂમિકા ભજવે છે.

'વાયડામિત્ર' હવે જાણે કે માત્ર સામાયિક નહીં બની રહેતાં, દર મહિને આપણને મળવા આવતો આપણી જ્ઞાતિનો એક પ્રતિનિધિ ન હોય, એક મિત્ર ન હોય એવી અનુભૂતિ કરાવે છે.

હર હંમેશની જેમ 'વાયડામિત્ર'ને આપનો સ્નેહ અને સહકાર મળતો રહેશે એ આશા અસ્થાને નથી.

**–હિમાંશુ શાહ**

## અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ ટ્રસ્ટ

૧૫૦૦-૦૦ મંદાકિનીબહેન અનિલભાઈ પરીખ

ઘી માટે ભેટ

–નાનુભાઈ એન. શાહ

## ગતકડું

આપણાં દરેકના જીવનમાં કોઈકવાર એવા પ્રસંગો આવે છે કે જ્યારે આપણને જોઈતી કોઈ વસ્તુ આપણા આડા હાથે કશે મુકાઈ ગઈ હોય છે અને તે આપણને જોઈએ ત્યારે મળતી નથી કે ક્યાં મુકાઈ ગઈ છે તે યાદ આવતું નથી. આવા સમયે એક રૂમાલના એક છેડે ગાંઠ મારીને રૂમાલને એક બાજુ મૂકી દેવાં. થોડા વખતમાં એ વસ્તુ મળી જશે. અથાવ ક્યાં મૂકઈ ગઈ છે તે યાદ આવી જશે. આ સખતરો કરવા જેવો છે. તેમાં મોટા ભાગે સફળતા મળે જ છે. વસ્તુ મળી જાય પછી રૂમાલની ગાંઠ છોડી નાંખવી.

**– અશોકભાઈ પરીખ**

**પાટણ**

સ્વ. રમણલાલ બ્રેડીના પરિવારના જય શ્રી કૃષ્ણ.

# બાંધછોડ એ જ જીવન જીવવાનો મંત્ર



જે માણસને બાંધછોડ કરતા આવડે તેને જીવન પસાર કરવાની સહજતા મળે છે. જડવૃત્તિ કે જક્કીપણાથી માણસ પોતે તો દુ:ખી થાય છે અને તેના સર્કલનાં માણસોને પણ દુ:ખી કરે છે. મોટાભાગના માણસો બાંધછોડમાં માનતા જ નથી અને પોતાનો વિચાર–આચાર ને ચુસ્તપણે વળગી રહે છે. સરવાળે તેને દુ:ખ જ મળે છે. તમારે વધુ સુખી થવા માટે ઓછા દુ:ખી થવાનો જરૂર છે. ઓછા દુ:ખી થવું એટલે જ છે તેને સહજ રીતે પ્રમાણિકતાની સહજ પરીભાષાને સ્વીકારવું અને તેનું આચરણ કરવું અને દુ:ખને વાગોળીને બેસવાથી આવનારી દરેક ક્ષણનું બાળમરણ થાય છે અને ઓછા દુ:ખી થવાની ક્રિયા એટલે સુખને શોધવાની મથામણ ન કરતાં તે સામેથી આવે તો હસતે મુખે તેનો સ્વીકાર કરવો.

જે માણસને બાંધછોડ કરતા ફાવે તે ઘણી ઓછી સવલત કે જરૂરિયાતમાં પણ પરમાનંદથી જીવન સહજ રીતે જીવી જાય છે અને તે લોકોનાં સ્મરણમાં લાંબા સમય સુધી યાદ રહે છે. આપણી પાસે જે છે એનો આનંદ માણો. જે નથી તેને યાદ ન કરો અને આખી વાત કર્મના સિધ્ધાંત પર છોડી દો. સફળતા મગજમાં ન છવાઈ જવી જોઈએ અને નિષ્ફળતાં હૃદયમાં ન છવાઈ જવી જોઈએ. તમારી આજુબાજુની વ્યક્તિ તમારું અપમાન કે અનાદાર કરે તો પણ તેની સાથે વિવાદ કે અથડામણમાં ન ઉતરતાં એક જ વાક્ય બોલવું કે હે ભગવાન તેને સદ્બુધ્ધિ આપજે. જે બાંધછોડ કરતાં નથી તેને પશુ સાથે સરખાવી શકાય માટે દરેક સમયે બાંધછોડની ભાવના રાખવી માટે તમારો જક્કી જીદ્દી સ્વભાવને પણ નમ્રતાનું નેકીનું આવરણ ચઢાવીને દરેક સાથે વ્યવહાર કરો તો જ તમારું જીવન ધન્ય બની જશે. સૌથી મોટું સમર્પણ સ્ત્રીઓ જ કરે છે. લગ્ન બાદ પોતાનાને છોડીને પારકાંને પોતાનાં બનાવવાં પોતાનાં ગમા અણગમાને બાજુ પર રાખીને જે ભોગ આપે છે તે ખરેખર "દાદ" ને પાત્ર છે, એક શેર યાદ આવે છે.

"સાથ વો દેંગે જો નેકિયા તૂને કમાઈ હોગી<br>
ન જાને કોનશા પલ મોવકી અનામત હૈ<br>
હરેક પલકો ખુશી કો ગલે લગાકે જીઓ"

**– સંકલન, દિલીપ શાહ (મુબઈ)**

જ્યોતિબેન કેશવલાલ શાહ પરિવાર, (મુલુન્ડ – મુબઈ)જય શ્રી કૃષ્ણ.

સ્વ. વિદ્યાબહેન રસિકલાલ શાહ (કડી)ના જય શ્રી કૃષ્ણ.–હ. પ્રેરણાબેન કે. પરીખ

# ઈ.સ. ૨૦૧૮નું કેલેન્ડર

| ૨૦૧૮ | | | | | જુલાઈ એપ્રિલ | ઓક્ટો. જાન્યુ. | મે | ઓગસ્ટ | નવેમ્બર માર્ચ ફેબ્રુઆરી | જૂન | ડિસેમ્બર સપ્ટેમ્બર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૮ | ૧૫ | ૨૨ | ૨૯ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
| ૨ | ૯ | ૧૬ | ૨૩ | ૩૦ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ |
| ૩ | ૧૦ | ૧૭ | ૨૪ | ૩૧ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ |
| ૪ | ૧૧ | ૧૮ | ૨૫ | | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ |
| ૫ | ૧૨ | ૧૯ | ૨૬ | | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ |
| ૬ | ૧૩ | ૨૦ | ૨૭ | | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ |
| ૭ | ૧૪ | ૨૧ | ૨૮ | | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર |

આ કેલેન્ડરમાં કયા મહિનાની કઈ તારીખે કયો વાર આવશે તે સહેલાઈથી જાણી શકાય છે.

દા.ત. ૦૨–૧૦–૨૦૧૮ના કયો વાર આવશે તે જોઈએ. તારીખમાં આડું જોવાનું મહિનામાં ઉભું જોવાનું છે. જ્યાં ભેગા થાય તે વાર જાણવો.

અહિં મંગળવાર આવશે.

મોકલનાર : પ્રવિણ એચ. શાહ
ભુજ

સ્વ. શાંતાબહેન કનૈયાલાલ પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.–હ. પ્રેરણાબહેન કે. પરીખ

# શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ - શ્રી વાયડા વણિક પરિષદ

અહેવાલ : વાર્ષિક સામાન્ય સભા (AGM) - ૨૦૧૭, રવિવાર તા.૧૭-૧૨-૨૦૧૭

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ / પરિષદની કારોબારી સમિતિની ૬૮મી વાર્ષિક સામાન્ય સભા ૨૦૧૭ (હિસાબી વર્ષ ૨૦૧૬-૧૭), સંસ્થાના **નવ-નિયુક્ત પ્રમુખશ્રી શશાંકભાઈ આઈ. શાહના** પ્રમુખ પદે, વાયુદેવતા મંદિરના હોલમાં, વાસણા અમદાવાદ ખાતે રવિવાર તા. ૧૭-૧૨-૨૦૧૭ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યે મળી હતી.

સમયસર પધારેલા સર્વે સભ્યોની ઉપસ્થિતિમાં, સભાપ્રમુખશ્રી શશાંકભાઈ આઈ. શાહની મંજુરીથી સભાની શરૂઆત કૂરતાં, **નવ-નિયુક્ત વાઈસ પ્રેસિડેન્ટ (પૂર્વમાનદ્ મંત્રી) શ્રી ધીરેનભાઈ કે. પરીખ** પધારેલ સર્વે સભ્યોને આવકાર આપી સમયસરની હાજરી માટે આભાર માન્યો હતો.

કાર્યવાહી શરૂઆત કરતા પહેલાં જ્ઞાતિના સંનિષ્ઠ, પાયાના કાર્યકરો તથા કારોબારી સભ્યો, (૧) સ્વ. વિજયભાઈ એમ. શાહ, ભુજ, (૨) સ્વ. રસિકલાલ સી. શાહ, અમદાવાદ, (૩) સ્વ. નયનભાઈ એન. શાહ, અમદાવાદના થયેલ દુ:ખદ અવસાનોની સખેદ નોંધ લઈને શ્રદ્ધાંજલિ અર્પી, ત્યાર બાદ સભાએ બે મીનીટનું મૌન પાળી સદ્‌ગતોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી. ત્યારબાદ સભામાં હાજર ના રહી શકવા માટે આવેલ સભ્યોના સંદેશ વાંચવામાં આવ્યા.

ત્યારબાદ સર્વ હાજર સભ્યોને હિસાબી વર્ષ ૨૦૧૬-૧૭ના ઓડીટેડ હિસાબોની કોપી આપવામાં આવી. શ્રી ધીરેનભાઈએ, અગત્યના સમાચાર આપતાં, જણાવ્યું કે 'વાયડામિત્ર' ના ડિસે.-૧૭ના અંકમાં આપેલ નોટીફીકેશન મુજબ ગત તા.૨૬-૧૦.૨૦૧૭ના રોજ પ્રમુખશ્રી ચીનુભાઈ આર. શાહે ટ્રસ્ટીઓની એક ખાસ મીટીંગ બોલાવી હતી જેમાં તેઓશ્રીએ તંદુરસ્તીના કારણોસર સંસ્થામાંથી ટ્રસ્ટી તરીકે તથા પ્રેસિડેન્ટ / પ્રમુખ તરીકે રિટાયરમેન્ટની ઘોષણા કરી રાજીનામાનો પ્રસ્તાવ મુક્યો, જે સર્વ ટ્રસ્ટીઓએ અનિચ્છાએ સ્વીકાર્યો. ત્યારબાદ ટ્રસ્ટીઓએ શ્રી ચીનુભાઈને સંસ્થાના અધ્યક્ષ (આજીવન) તરીકેના સર્વોચ્ચ નોન-એક્ઝેક્યુટીવ માનદ્ હોદ્દોનો સ્વીકાર કરવા વિનંતી કરેલ, જેનો તેઓએ સ્વીકાર કર્યો.

રીલીફ સિનેમા, અમદાવાદ (ઈન્દુભાઈ ડી. શાહ એન્ડ બ્રધર્સ)ના સૌજન્યથી.

વહીવટી જરૂરિયાતોને ધ્યાને લઈને તેઓશ્રીએ સંસ્થાના હોદ્દેદારોની નવનિયુક્તિનું સુચન કરેલ, જે સર્વે ટ્રસ્ટીઓએ સ્વીકાર્યું. તે સબબ હોદ્દેદારોની નીચે જણાવ્યા પ્રમાણે સર્વાનુમતે ઠરાવ કરી નિમણુંક કરવામાં આવી હતી.

| | |
|---|---|
| ચીનુભાઈ આર. શાહ | ચેરમેન/અધ્યક્ષ (એમરીટસ/આજીવન) |
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | ટ્રસ્ટી અને નવ-નિયુક્ત પ્રમુખ/પ્રેસિડેન્ટ |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | ટ્રસ્ટી અને નવ-નિયુક્ત વાઈસ-પ્રેસિડેન્ટ |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | ટ્રસ્ટી અને નવ-નિયુક્ત વાઈસ-પ્રેસિડેન્ટ |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | ટ્રસ્ટી અને નવ-નિયુક્ત માનદ્ મંત્રી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ (નવ-નિયુક્ત ટ્રસ્ટી) | નવ-નિયુક્ત માનદ્ કોષાધ્યક્ષ તથા સહમંત્રી |

ઉપરોક્ત ઠરાવ તથા નિમણુંકોને કારોબારી સભાએ તાલીઓના ગડગડાટ સાથે સહર્ષ વધાવી અને સહમતી આપી.

**પૂર્વ પ્રમુખ તથા પૂર્વ ટ્રસ્ટીશ્રી ચીનુભાઈ આર. શાહનું સન્માન :** હોલની ઉપર આવેલ વાયુ દેવતાજી તથા વાયડ માતાજીના દર્શન કરીને પધારેલ શ્રી ચીનુભાઈએ ડાયસ પર સ્થાન લીધું. સર્વે ટ્રસ્ટીઓ વતી પ્રમુખશ્રી શશાંકભાઈએ નમન કરી ભાવપૂર્વક તેઓશ્રીને સન્માન યાદગીરીરૂપે સુંદર બામ્બુ પ્લાંટ અર્પણ કર્યો. સર્વે ટ્રસ્ટીઓએ શ્રી ચીનુભાઈ સાહેબને સન્માનપૂર્વક પોતપોાની શુભેચ્છાઓ પાઠવી.

ચેરમેન (એમેરીટસ) શ્રી ચીનુભાઈ આર. શાહે તેમના ઉદબોધનમાં સાથીદાર ટ્રસ્ટીઓ તથા નવ-નિયુક્ત હોદ્દેદારોનું અભિવાદન કર્યું. બહારગામથી આવેલ સર્વે સભ્યો તથા અમદાવાદના હાજર સભ્યોને આવકાર આપ્યો. ભાવપૂર્વક તેઓએ સમગ્ર જ્ઞાતિજનોનો આભાર માનતા જણાવ્યું કે મારા જીવનના શરૂ થયેલ આ નવમા દાયકાની પાછળ જોતાં મારી છેલ્લા ચાર દાયકાની જ્ઞાતિ-સેવાનું અવોલકન કરી રહ્યો છું. આ લાંબી મજલમાં મને દેશ-વિદેશના ઘણા જ્ઞાતિજનોનો વિવિધ પ્રકારનો પ્રેમપૂર્વકનો સહકાર સાંપડ્યો છે. શરૂઆતના વીસેક વર્ષો સુધી હું મુરબ્બી સ્વ. શ્રી

ગોકુલ મેટરલાઈઝર પ્રા. લિ. (અમદાવાદ)ના સૌજન્યથી.

ઈન્દુલાલ ડાહ્યાલાલ શાહ સાથે તેમના વડપણ હેઠળ જ્ઞાતિસેવાર્થે જોડાયો ત્યારબાદ બે દાયકા ઉપરાંતના સમયથી જ્ઞાતિની સંસ્થાઓમાં પ્રમુખપદે રહી સેવાઓ આપી છે અને હજુ સર્વે જ્ઞાતિજનોના ઉત્કર્ષ તથા શ્રેય માટે કાર્યરત રહેવાની નેમ છે.

તેઓએ જણાવ્યું કે દેશ – વિદેશમાં વસતા વાયડા વણિક જ્ઞાતિના સર્વે જનો અને ખાસ કરીને યુવાઓ જ્ઞાતિ સાથે ઘનિષ્ટ રીતે જોડાય તથા એક બીજાના સંપર્કમાં રહે તેવા ધ્યેય સાથે આજની આપણ આ મીટીંગ મહત્વપૂર્ણ છે કારણ કે જ્ઞાતિના યુવાન વોલન્ટીયર કાર્યકર્તાઓ આ ધ્યેયને લક્ષમાં રાખીને, સમગ્ર વૈશ્વિક જ્ઞાતિ માટે મહત્વના નવા ઈનીશીએટીવ્ઝ જેવા કે વેબસાઈટ, જી.સી.વી., વાયકનેક્ટ, ઓનલાઈન વસ્તીપત્રક, નોલેજ હબ વિગેરે વિભાગો પર કાર્યરત છે.

આગળ વધતાં તેઓએ કહ્યું કે આપને વિદિત કરવા માંગું છું કે ઉપરોક્ત ઈનીશીએટીવ્ઝ – વિભાગોનું ઓફિસિયલ અનાવરણ તથા એનાઉન્સમેન્ટ ગત તા.૨૬-૧૦-૨૦૧૭ના રોજ મારા હસ્તે કરવામાં આવેલ હતું. સહુના સહિયારા પ્રયત્નોનું સુંદર પરિણામ આપણી સામે દેખાવા લાગ્યું છે. જ્ઞાતિની વેબસાઈટ (www.vayvaset.in) પર આ બધી પ્રવૃત્તિઓના રસપ્રદ વિભાગો આપ નિહાળી શકશો.

'વાયડામિત્ર' વિષે વાત કરતાં શ્રી ચીનુભાઈ એ જણાવ્યું કે જ્ઞાતિના આપણા મુખપત્રનું ૯૫મું વર્ષ ચોલ છે અને સો વર્ષ પૂર્ણ કરી અને વર્લ્ડ રેકોર્ડ બનાવી રેકર્ડ બુકમાં સમાવેશ કરવાની નેમ છે. આ બાબતે આ કાર્યના અનુભવી શ્રી અમિતભાઈ જી. પરીખને પ્રારંભિક સર્વે કરી અને ક્વોલિફિકેશન, શીડ્યુલ, બજેટ વિગેરે તપાસ કરવાનું સોંપવામાં આવ્યું.

અમદાવાદ સ્થિત, ટીમ 'વાયડામિત્ર'ના શ્રી શ્રેણીકભાઈ એન. પરીખ (માનદ્ તંત્રી અને પ્રકાશક) તથા શ્રી નિશીથભાઈ એ. પરીખ (માનદ્ વ્યવસ્થાપક)ને 'વાયડામિત્ર'ના કેલીડોસ્કોપીક કન્ટેન્ટ તેનું યોગ્ય પ્રકાશન તથા સુંદર વિતરણ કાર્ય બદલ અભિનંદન આપ્યા અને જણાવ્યું કે 'વાયડામિત્ર'ને સંપૂર્ણ ડીજીટલ કરી ભવિષ્યમાં 'વાયડામિત્ર'નું પબ્લીકેશન આ રીતે કરી અને પ્રિન્ટીંગ, વિતરણ, તથા ટપાલ / કુરિયર ખર્ચ બચાવી શકાય.

આગળ વધતાં, તેઓશ્રીએ એજ્યુકેશન વિષયે વાત કરતાં જણાવ્યું કે આપણા જ્ઞાતિના ઉત્કર્ષના પાયામાં શિક્ષણનો સૌથી વધુ મહત્વનો ફાળો છે અને મારો એવો સ્પષ્ટ અભિગમ છે કે જ્ઞાતિના કોઈ પણ વિદ્યાર્થી / નીને ભણવું હોય તો નાંણાના અભાવે તેનું ભણતર ના રોકાવું જોઈએ. આ વિષયે જ્ઞાતિને વધુ ઉપયોગી થવા

બાબતે, સમજાવ્યું કે જ્ઞાતિની એક સંસ્થા 'શ્રી વાયડા વણિક શિક્ષણોત્તેજક સહકારી સોસાયટી લી. અમદાવાદ' નું 'શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ' (VAYVASET) ના છત્રની અંદર તેના કેળવણી વિભાગ તરીકે વિલીનીકરણ કરી અને પછી ફંડ વિસ્તૃતીકરણ કરી શકાય.

શ્રી ચીનુભાઈએ જ્ઞાતિને ઈન્સ્યોરન્સ / મેડીકલ સહાય બાબતોની ચર્ચા કરતાં કહ્યું કે, ઘણા વર્ષોથી આ વિષય પર વિવિધ હોદ્દેદારો સાથે વિમર્શ ચાલી રહ્યો છે. આ ક્ષેત્રે કાર્યાન્વિત અન્ય વૈશ્વિક વણિક સંસ્થા સાથે આ બાબતે ટાઈઅપ કરી શકાય. આના માટે બંને તરફના પ્રતિનીધીઓની મીટીંગ ગોઠવી, જ્ઞાતિના લાભાર્થે આ બારી ખોલી શકાય.

દશા-વિશા તરીકે ઓળખના ભેદ-ભાવ તથા શહેર / ગામની પેટા જ્ઞાતિઓથી ઓળખ આ વિષયે શ્રી ચીનુભાઈએ અણગમો દર્શાવતાં કહ્યું કે આપણ સહુ એક જ વૃક્ષની શાખાઓ છીએ. આ પ્રકારના ભેદ-ભાવ મીટાવવા ખુબ જરૂરી છે. સમગ્ર જ્ઞાતિના ઐક્ય માટે આપણે સહુએ ફક્ત 'વાયડા વણિક' તરીકે ઓળખાવા આગ્રહ રાખવો જોઈએ.

પર ન્યાતમાં પરણેલી બહેન-દીકરીઓ વિષે તેઓશ્રીએ રજૂઆત કરી કે તેઓને પરિવારના સભ્યો સહીત જ્ઞાતિના કાર્યક્રમોમાં આમંત્રણ આપો અને આપણી જ્ઞાતિનું સંપર્ક વર્તુળ બને તેટલું વિસ્તૃત કરો જ્ઞાતિના જી.સી.વી. પ્લેટફોર્મ પર તથા (VAYVASET) કારોબારી સભામાં જ્ઞાતિના મહિલા સભ્યોને આમંત્રણ આપો અને તેઓને રસપૂર્વક સભાની કાર્યવાહીમાં જોડવા આગ્રહ રાખો.

ખુબ અગત્યના ઉપરોક્ત મુદ્દાઓ વિષે વિસ્તૃત સમજ તથા દિશા સુચન આપી અને શ્રી ચીનુભાઈએ તેમનો નિવૃત્તિ સંદેશ (પૂર્વ પ્રમુખ તરીકેનો) અને ચેરમેન (એમેરીટસ) તરીકેના વિઝન તથા મિશન વિશેના તેમના ઉપરોક્ત વિચારો રજુ કર્યા, જેને સમગ્ર સભાએ અહોભાવ સાતે વધાવી લીધા.

**નવ-નિયુક્ત પ્રમુખ (પૂર્વ ઉપ-પ્રમુખ)શ્રી શશાંકભાઈ આઈ. શાહે** તેઓના સંબોધનમાં સર્વ પ્રથમ શ્રી ચીનુભાઈને વંદન કરી ડાયસ પર વિરાજમાન સર્વ ટ્રસ્ટીઓ તથા પધારેલ સર્વે સભ્યો અને આમંત્રિતોનું અભિવાદન કરતાં જણાવ્યું કે પ્રમુખ તરીકેની મારી આ પ્રથમ સભામાં આવતા પહેલાં, હોલની ઉપરના મંદિરમાં શ્રી વાયડ માતાજીના દર્શન કરીને સમગ્ર જ્ઞાતિની ઉન્નતી માટે આર્શીવાદ માંગ્યા

રમેન્દ્રભાઈ જે. પરીખ (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

અને સાથે શ્રી ચીનુભાઈ સાહેબની તંદુરસ્તી, સુખાકારી અને દીર્ઘાયુ માટે વાયડ માતાજીને પ્રાર્થના કરી.

ચેરમેન (આજીવન) શ્રી ચીનુભાઈએ કહેલ સર્વે બાબતો સાથે હું સંમત છું. આપણી વાયડા વણિક જ્ઞાતિની પ્રગતિ તથા સુખાકારી મહદ અંશે સારા શિક્ષણ / એજ્યુકેશનને આભારી છે એવું હું દ્રઢપણે માનું છું અને આ ક્ષેત્રે શક્ય હોય તેટલું વધુ ફંડ ભેગું કરવાની મારી નેમ છે. એજ્યુકેશન માટે જ્ઞાતિ સહાય માટેની નવી ટ્રસ્ટ વ્યવસ્થા ગોઠવાય ત્યારે તે ટ્રસ્ટને મારા તરફથી રૂપિયા ૫૦,૦૦૦/- (પચાસ હજાર)ની ભેટ જાહેર કરતાં આનંદની લાગણી અનુભવું છું.

જ્ઞાતિને ઈન્સ્યોરન્સ તથા મેડીસીન સહાય બાબતે આપણે કઈ રીતે સક્રિય થવું તે નિર્ણય પણ કરવો પડશે. અમદાવાદ / વડોદરા જેવા મોટા શહેરમાં તો આ વ્યવસ્થાઓ સારી રીતે ઉપલબ્ધ છે પણ નાના ગામ તથા શહેરોમાં દવાઓનો ખર્ચ વધુ આવી શકે છે. કાર્યાન્વિત વૈશ્વિક વણિક સંસ્થા સાથે કોઈક પ્રકારનું સંસ્થાકીય જોડાણ ગોઠવીને જ્ઞાતિના સભ્યોને ઈન્સ્યોરન્સ તથા મેડીસીન માં સારું ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ કરાવી શકાય છે. આના વિષે શ્રી ચીનુભાઈએ પણ તેમના વ્યક્તિગત સંપર્કો થકી મદદ કરવાની ખાતરી આપેલ છે.

શ્રી ચીનુભાઈ સાહેબે કહેલી છેલ્લી મહત્વની સુચના પ્રમાણે જ્ઞાતિની મહિલાઓને આ સંસ્થાની મીટીંગો તથા કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક જોડાવા સવિનય આગ્રહ કરીશુ અને જ્ઞાતિ ઉત્કર્ષલક્ષી બાબતો અંગે તેમના સાથ, સહકાર તથા વિમર્શનો આદરપૂર્વક સ્વીકાર કરીશું.

**સંસ્થાના ટ્રસ્ટી (પ્રમુખ : અમદાવાદ દશા વાયડા વણિક સંસ્થા) શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખે** શ્રી ચીનુભાઈ, શ્રી શશાંકભાઈ, ડાયસ પર બિરાજમાન મહાનુભાવો, નવ-નિયુક્ત હોદ્દેદારો તથા બહારગામ અને અમદાવાદથી પધારેલ સભ્યો અને આમંત્રિતોનું અભિવાદન કર્યું. સભાને સંબોધન કરતાં તેઓએ જણાવ્યું કે આપણી જ્ઞાતિની પ્રગતિમાં એજ્યુકેશનનો મહત્વનો ફાળો સ્પષ્ટ દેખાઈ આવે છે.

૨૫-૩૦ વર્ષ પહેલાના સમયની એવરેજ જ્ઞાતિ કુટુંબની સુખાકારી સાથે આજના સમૃદ્ધ સમયની સરખામણી કરતાં એમ લાગે છે કે આપણી જ્ઞાતિ ઉપર કુળદેવી પુ. વાયડ માતાજીની અનહદ કૃપા છે. વધુમાં જ્ઞાતિને સમગ્રપણે અવલોકતાં વ્યસનોનું પ્રમાણ ઘણું ઓછું જણાય છે, જે બાબત યુવાનોના વિકાસ માટે બહુ ઉપયોગી છે.

જે.જે. પરીખ એન્ડ બ્રધર્સ (ફાર્માસ્યુટીકલ ડિસ્ટ્રિબ્યુટર્સ)ના જય શ્રી કૃષ્ણ.

## ચીનુભાઈ આર. શાહ (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

જ્ઞાતિના ઉત્કર્ષ માટે એજ્યુકેશન તથા મેડીકલ સહાય માટે ફંડ રેઈઝિંગ માટે પ્રયત્નો કરવા પડશે. પૈસાના અભાવે જ્ઞાતિ-ઉપયોગી કોઈ કામ અટકતું નથી. યોગ્ય ટીમ તથા પ્લાનિંગ સાથેનું કમીટમેન્ટ હોય તો ભંડોળ ભેગું થઈ જ જાય છે.

નવ-નિયુક્ત માનદ્ મંત્રી (પૂર્વ સહમંત્રી, ખજાનચી) શ્રી વ્રજેશભાઈ એન. પરીખે સભાને સંબોધન કરતા જણાવ્યું કે ચેરમેન શ્રી ચીનુભાઈ સાહેબ, પ્રમુખશ્રી શ્રી શશાંકભાઈ તથા સર્વે ટ્રસ્ટીઓનો માર્ગદર્શન માટે આભારી છું. ગત વર્ષ ૨૦૧૬-૨૦૧૭ હિસાબો વિષે સમજ આપતા તેઓશ્રીએ આવક અને ખર્ચના પાસાઓ વિષે સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે સમયસરના હિસાબોના કામ માટે મને શ્રી મેહુલભાઈ એસ. શાહ (પૂર્વ ઓડીટર) તથા શ્રી નીશીથભાઈ એ. પરીખ (વ્યવસ્થાપક)નો મળેલો સહકાર ખુબ અગત્યનો રહ્યો. 'વાયડામિત્ર'ના તંત્રી-પ્રકાશક શ્રી શ્રેણીકભાઈ એન. પરીખનો પણ આ કાર્યની સમયસરની પૂર્ણતા માટે આભાર માનું છું. આગળ વધતાં તેઓએ જણાવ્યું કે આ વર્ષે માનદ્ ઓડીટર તરીકે શ્રી મેહુલભાઈની સેવા અપ્રાપ્ય હોવાથી જ્ઞાતિના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી રૂપેશભાઈ એચ. શાહ ની માનદ્ સેવાઓ લેવાનું નક્કી કરેલ છે.

(સંસ્થાના ટ્રસ્ટી, પાટણ દશા વાયડા જ્ઞાતિના પ્રતિનિધિ) શ્રી શરદભાઈ પી. શાહે, શ્રી ચીનુભાઈ, શ્રી શશાંકભાઈ, શ્રી રમેન્દ્રભાઈ, તથા મંચસ્થ મહાનુભાવો અને અત્રે સભામાં પધારેલ સર્વે સભ્યોનું અભિવાદન કર્યું. તેઓએ જણાવ્યું કે આપ સહુ સાથેની આજની મુલાકાત બદલ હૃદયપૂર્વક આનંદની લાગણી અનુભવી રહ્યો છું. શ્રી ચીનુભાઈની સાથે આજની મુલાકાત પૂર્વ એકાદ મહિનાથી તેમની આત્મકથા 'સંવેદનાથી સિદ્ધી'નું હું દરરોજ પઠન કરી રહ્યો છું. તેમના પુસ્તકના શીર્ષકમાં હું 'સેવા અને સમર્પણ' ઉમેરું તો પણ તે સાર્થક જ રહેશે.

મેં કેટલીયે આત્મકથાઓ વાંચી પણ તે હસ્તીઓને તો દુરથી ઓળખીએ છીએ, જ્યારે શ્રી ચીનુભાઈ સાથે તો આપણે આત્મીયતાથી જ્ઞાતિ સેવાકાર્ય કર્યું છે. મોટાભાગના આત્મકથા લેખકો એકાંગી હોય છે પરંતુ શ્રી ચીનુભાઈએ અનેક ક્ષેત્રોમાં નિપૂર્ણતા હાંસલ કરી છે અને તેઓ મારી નજરે સર્વાંગી પ્રતિભાના માલિક છે. તેઓના પુસ્તકમાં એક જીવન ચરિત્ર જ નથી, એક જીવંત વ્યક્તિના શ્વાસનો ધબકાર છે. આપણી જ્ઞાતિમાં આવું વ્યક્તિત્વ છે એ આપણા માટે ગૌરવની વાત છે. તેઓના ઉપરોક્ત પુસ્તકથી પ્રેરિત હું, એક નાની પુસ્તિકા (કન્ડેન્સ્ડ વર્ઝન) તૈયાર કરી રહ્યો છું અને જ્ઞાતિના દરેક ગૃહમાં પ્રેરણારૂપ આ પુસ્તિકા

ચંદુલાલ મગનલાલ શાહ તથા કંચનગૌરી ચંદુલાલ મગનલાલ શાહની સ્મૃતિમાં સૌને જય શ્રી કૃષ્ણ.

મોકલી શકું તેવી ઈશ્વરને પ્રાર્થના કરું છું. શ્રી ચીનુભાઈને સ્વસ્થ અને સુખદાયક દીર્ઘાયુ માટેની શુભેચ્છાઓ.

**'વાયડામિત્ર' ના તંત્રી – પ્રકાશક શ્રી શ્રેણિકભાઈ એન. પરીખે** સભા સન્મુખ જણાવ્યું કે આ જ્ઞાતિ મુખપત્રનું અમદાવાદથી પ્રકાશન એપ્રિલ–૨૦૧૫ થી શરૂ કરેલ છે જેમાં ત્રણ દિવાળી અંકો સામેલ છે અને ઉત્તરોતર તેની ગુણવત્તાનો સ્તર સુધારી શક્યા છીએ તેનો આનંદ છે. સર્વે જ્ઞાતિજનોને વિનંતી છે કે 'વાયડા મિત્ર'ના અમો કાર્યકરો દિવસ દરમ્યાન અમારી રોજીંદી સર્વિસ / પ્રોફેશનમાં ગૂંથાયેલ હોવાથી, આપના સૂચનો અથવા પ્રશ્નો ફોન કરવાને બદલે મેસેજ થી મોકલાવશો. ફોન પર વાત કરવા માટે સાંજે ૭ થી ૯ માં પ્રયત્ન કરી શકાય. માર્ચ ૨૦૧૮માં હાલની અમારી 'વાયડામિત્ર' ટીમનો ત્રણ વર્ષનો કાર્યકારી સમયગાળો પૂર્ણ થશે, તે ધ્યાને લઈને હોદ્દેદારોને યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા વિચારવા વિનંતી છે.

**નવ–નિયુક્ત વાઈસ–પ્રેસિડેન્ટ શ્રી સુનીલભાઈ આર. શાહે** ચેરમેન (એમેરીટસ) શ્રી ચીનુભાઈ, પ્રમુખ શ્રી શશાંકભાઈ, મંચસ્થ મહાનુભવો તથા સભામાં બિરાજેલ સર્વે સભ્યો તથા આમંત્રિતોનું સ્વાગતપૂર્ણ અભિવાદન કર્યું. સ્થાનીક વાયડા વણિક મંડળોના હોદ્દેદારો / પ્રતિનિધિઓનું વિશેષ સ્વાગત કરતાં તેઓએ અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિના પ્રમુખ શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ, સમીરી વણિક સમાજના પ્રમુખ શ્રી શૈલેશભાઈ પી. શાહ, પાટણ દશા વાયડા વણિક જ્ઞાતિના પ્રતિનિધિ શ્રી શરદભાઈ પી. શાહ, વડોદરા દશા વાયડા વણિક જ્ઞાતિના માનદ્ મંત્રી શ્રી કિરણભાઈ એસ. શાહ તથા કડી દશા વાયડા વણિક જ્ઞાતિના પ્રતિનિધિ શ્રી અમિતભાઈ જી. પરીખનું સાભાર સ્વાગત કર્યું.

શ્રી સુનીલભાઈએ તેમના સંબોધનમાં કહ્યું કે ઓનલાઈન વસ્તીપત્રકના પ્રથમ અર્ધ ભાગ તરીકે મોબાઈલ એપ્લીકેશન તા. ૨૬–૧૦–૨૦૧૭ના રોજ શ્રી ચીનુભાઈના વરદ હસ્તે લોન્ચ કરવામાં આવી. જ્ઞાતિના જે જે સભ્યોના મોબાઈલ નંબરો પ્રિન્ટેડ વસ્તીપત્રકમાં હતા તે સર્વેજનોને (CM) (કમ્યુનીટી મેસેન્જર) નામની મોબાઈલ એપ્લીકેશન સાથે જોડાવા મળ્યું. આના થકી દરેક સભ્યને પોતાના પરિવારનો પ્રોફાઈલ ચેક કરી અને જૂની અથવા ભૂલ ભરેલી માહિતી સુધારવાનો મોકો મળ્યો છે.

એજન્સીનો સીધો સંપર્ક કરવા માટે તથા અન્ય સમજ માટે, 'વા.મિ.' ડિસે–૨૦૧૭ના અંકમાં પેજ ૨૩–૨૪ ઉપર F.A.Q. વિગતો છાપવામાં આવેલી છે.

અમર નૈમિષભાઈ પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.

આગળ વધતાં શ્રી સુનીલભાઈએ જણાવ્યું કે આ એપ્લીકેશનના ઘણા ફંકશનો તથા ઉપયોગો છે, જેમાં સર્ચ ફંક્શનથી શહેરવાઈઝ, એરિયાવાઈઝ, જ્ઞાતિ પરિવારોની વિગતો, તેઓના બ્લડ ગ્રુપની વિગતો, લગ્નવિષયક માહિતી, એજ્યુકેશન અંગેની માહિતી વિગેરે તરત મળી જાય છે. જ્ઞાતિના વિવિધ ટ્રસ્ટો તથા તેના ટ્રસ્ટીઓ વિશેની વિગતો પણ મળી શકશે.

એક વખત ઓનલાઈન વસ્તીપત્રક તૈયાર થયા પછી આપણે સહુએ સામુહિક ઈનીશીએટીવ લઈને આપણા પોતાના પરિવાર વર્તુળોમાં આ વિષે માહિતીનું વિતરણ કરી જાગરૂકતા લાવવી પડશે.

વડોદરાના જ્ઞાતિના પ્રતિનિધિ વક્તા તથા E-MAGAZINE 'VAYCONNECT' ના ઓડિટર શ્રી હરિશભાઈ જે. શાહે સભાને ઉદ્‌બોધનની શરૂઆતમાં ડાયસ પર બિરાજતા ચેરમેન શ્રી ચીનુભાઈ, પ્રમુખ શ્રી શશાંકભાઈ, મહાનુભાવો અને સર્વે હાજર સભ્યોનું અભિવાદન કર્યું. તેઓએ કાવ્યમય શૈલીમાં ખુબ ભાવવાહી રીતે શ્રી ચીનુભાઈ પ્રત્યેનો જ્ઞાતિનો પ્રેમ તથા આદર સાકાર કર્યા. શ્રી ચીનુભાઈની પ્રતિભાની શીળી છાયામાં, જ્ઞાતિ પ્રગતિના પથ પર ચાલી શકી અને જ્ઞાતિ વિકાસનો આંબો ફૂલ્યો ફાલ્યો. તેઓના સુંદર કાવ્ય 'પીગળે પડછાયાના પહાડ' તથા 'સવારના ઝાકળમાં ઓગળે તડકો'ને અત્રે આખા પ્રકાશિત કરવા માટે જગ્યાની મર્યાદા છે

VAYCONNECT ઈ-મેગેઝીનના પહેલા સુંદર ઈસ્યુનું તા. ૨૬-૧૦-૨૦૧૭ના રોજ શ્રી ચીનુભાઈના હસ્તે અનાવરણ થયું. બીજો નયનરમ્ય ત્રિમાસિક ઈસ્યુ જાન્યુઆરી ૨૦૧૮ના મધ્યમાં વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે. આ મેગેઝીનના પ્રકાશન પાછળ વતનથી દૂર એકલા અથવા પરદેશ રહેતા જ્ઞાતિજનોને, ઈંગ્લીશ ભાષાની તેમની સરળતા થકી તેમના યુવાન સાહસિક પરિવારજનોને જ્ઞાતિ સાથે જોડવાનો શ્રી ચીનુભાઈનો ભાવ કામ કરે છે. આ મેગેઝીનમાં સર્વ એજ ગ્રુપના વ્યક્તિઓને રસ પડે તેવી રીતે કન્ટેન્ટ પસંદ કરવામાં આવી રહ્યા છે. સર્વ જ્ઞાતિજનોને તેમના તરફથી લેખો, કાવ્યો અથવા પરિવારસમાચાર મોકલાવવા વિનંતી છે.

નવ-નિયુક્ત કોષાધ્યક્ષ, સહમંત્રી તથા નોલેજ-એક્ષ્પ. હબના એડમીન શ્રી મેહુલભાઈ એસ. શાહે સભામાં પધારેલ ચેરમેન શ્રી ચીનુભાઈ, પ્રમુખશ્રી શશાંકભાઈ, ડાયસ પર બિરાજમાન ટ્રસ્ટીઓ તથા પધારેલ સર્વે સભ્યો અને આમંત્રિતોને આવકાર આપી સ્વાગત કર્યું.

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

સભાને સંબોધન કરતાં તેઓએ જણાવ્યું કે આપણી જ્ઞાતિમાં ઘણા લોકો પોતાના બીઝનેસ જોબ અથવા પ્રોફેશનમાં સફળતાપૂર્વક આગળ વધેલ વ્યક્તિઓ હશે આવા લોકોને ઉપરોક્ત હબમાં સરળ ભાષામાં પોતાનો અનુભવ, સૂચનો, વિચારો વિશેના આર્ટીકલ મોકલવા માટે ખાસ આમંત્રિત કરીએ છીએ. એકબીજાનું નોલેજ તથા કાબેલિયત પરસ્પર ઉપયોગી થાય તેવો આ સંનિષ્ઠ પ્રયાસ છે. વેબસાઈટ ઉપર પાંચેક આર્ટીકલ્સ મુકવામાં આવેલ છે અને બીજા વધુ મુકાવાની તૈયારીઓ થઈ રહી છે.

KNOWLEDGE-EXPERTISE HUB માં મુકેલ આર્ટીકલ્સ વાંચીને સભ્યો લેખક સાથે પ્રશ્નોત્તરી કરી શકે અને INTERACTION કરે તેવું ધ્યેય છે. વધુને વધુ સભ્યો આનું વાંચન કરી પરસ્પર વધુ જાણકાર બને અને WIN-WIN પરિસ્થિતિનું નિર્માણ થાય.

શ્રી મેહુલભાઈએ અંતમાં શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકેની વરણી તથા હોદ્દેદાર તરીકેની નિયુક્તિ બદલ ચેરમેન શ્રી ચીનુભાઈ અને સર્વે ટ્રસ્ટીઓનો આભાર માન્યો અને પુ. વાયડ માતાજી તથા વડીલોના આશીર્વાદથી આ નવી જવાબદારી નિભાવવાની શક્તિ મળશે તેવી શ્રદ્ધા વ્યક્ત કરી.

**જી.સી.વી. (ગ્લોબલી કનેક્ટેડ વાયડા) ગ્રુપના એડમીન શ્રી અમિતભાઈ જી. પરીખે,** સભાને સંબોધન કરતાં ચેરમેનશ્રી, સર્વ ટ્રસ્ટીઓ અને સભામાં પધારેલ સર્વે જ્ઞાતિજનોનું સ્વગતોભીવાદન કરતાં જણાવ્યું કે જ્ઞાતિની આટલી બધી સંસ્થાઆએ આટલી વિવિધ પ્રવૃત્તિઓ કરી રહી છે અને તેમાં બધા આપણા જ જ્ઞાતિ સભ્યો છે. આ જોઈને ત્રણ પહેલા પ્રેરણા મળી કે દુનિયામાં ક્યાંય પણ વસતા આપણા જ્ઞાતિજનને પરસ્પર સંપર્ક માટે સાંકળી લેવા માટે મોબાઈલ વોટ્સએપ ગ્રુપ ચાલુ કરવું.

આમાં મને શ્રી મેહુલભાઈ એસ. પરીખ તથા શ્રી વ્રજેશભાઈ એન. પરીખનો નો સહયોગ પ્રાપ્ત થયો અને આજે દેશ–વિદેશના ૧૩૬ મોબાઈલ નંબરો આ મેમ્બર લીસ્ટમાં આવી ગયા. આગળની પ્રવૃત્તિઓ માટે આ એ.જી.એમ પછી તુર્તજ જી.સી.વી.ની એક ઓરીએન્ટેશન સભાનું આયોજન કરેલ છે. વિશ્વના દરેક શહેર, જ્યાં વાયડા વણિક સભ્ય રહેતા હોય તેમાંથી યોગ્ય વોલન્ટીયર કાર્યકરો નીમવાનું આયોજન છે.

સ્વ. શાહ ઝવેરીલાલ વીરજીના જય શ્રી કૃષ્ણ.

જી.સી.વી. (G.C.V.) ના ઓબ્જેક્ટીવ તથા નિયમોની વિગત જ્ઞાતિની વેબસાઈટ પર મુકલે છે. સભ્યપદ માટેનું ફોર્મ પણ ત્યાંથી જ મળશે.

ઉપરોક્ત જણાવેલ સભા પ્રમુખ, ચેરમેન શ્રી, ટ્રસ્ટીઓ, હોદ્દેદારો તથા વોલન્ટીયર કાર્યકર્તાઓના સંબોધન પશ્ચાત સભામાં હાજર સભ્યોએ બીજા કેટલાક વિષયો બાબતે સભામાં ચર્ચા-વિચારણા કરી અને નીચે જણાવેલ ઠરાવો સર્વાનુમતે પસાર કર્યા :

**ઠરાવ નં. ૧ ગત વર્ષના ઠરાવોને મંજૂરી**

રવિવાર, તા.૨૭-૧૧-૨૦૧૬ના રોજ મળેલી ગત વર્ષ (૨૦૧૬-૧૭)ની કારોબારીની વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ ('વાયડામિત્ર' ડીસેમ્બર-૨૦૧૬માં પ્રકાશિત થયા મુજબ) વાંચી સંભળાવવામાં આવ્યો હતો જેના અંતર્ગત લીધેલ સર્વે ઠરાવોને સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા.

**ઠરાવ નં. ૨ હિસાબો**

માનદ મંત્રી (પૂર્વ માનદ્ ખજાનચી તથા જોઈન્ટ સેક્રેટરી) શ્રી વ્રજેશભાઈ એન. પરીખે, હાજર રહેલ સભ્યોને ઓડીટેડ હિસાબોની કોપીઓનું વિતરણ કરેલ હતું. લવાજમ ભેટ અને કોર્પસ ફંડ તથા વાયડામિત્રની આવક-જાવક અંગેના હિસાબોની અલગ અલગ સમજ આપી હતી. મળેલ હિસાબો જોયા બાદ સભાએ તેને સર્વાનુમતે મંજુર કર્યા હતા.

**ઠરાવ નં. ૩ માનદ્ ઓડીટર**

હિસાબી વર્ષ ૨૦૧૭-૨૦૧૮ના હિસાબોના ઓડીટ કામ માટે નવેસરથી માનદ્ ઓડીટર તરીકે શ્રી રૂપેશભાઈ એચ. શાહની વરણી કરવામાં આવી હતી, જે તેઓએ સભામાં હાજર રહીને સ્વીકારેલ હતી.

**ઠરાવ નં. ૪ જ્ઞાતિની વિવિધ પ્રવૃત્તિઓ અંગે ઠરાવ**

જ્ઞાતિની વેબસાઈટ હોસ્ટીંગ માટે આશરે રૂા. ૧૫,૦૦૦/- (પંદર હજાર)નું ખર્ચ મંજુર કરવામાં આવ્યું અને આ વર્ષનો હોસ્ટીંગ / મેન્ટેનન્સ ઓર્ડર મે. કોમપ્યુબ્રેઈન, અમદાવાદને મુકવામાં આવે તેવો ઠરાવ કરવામાં આવ્યો.

ઈ-મેગેઝીનેના પબ્લીકેશન ખર્ચ પેટે આશરે રૂા. ૧૫,૦૦૦/- (પંદર હજાર)નું બજેટ મંજુર કરવામાં આવ્યું હતું.

ઓનલાઈન વસ્તીપત્રકની મોબાઈલ એપ્લીકેશન તથા વેબસાઈટ બંને મળીને

તારાબહેન તલકશીભાઈ શાહ પરિવાર (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વ્રજેશ કાંતિલાલ પરીખ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

આશરે રૂા. ૭૫,૦૦૦/- (પંચોતેર હજાર) સુધીનું બજેટ ખર્ચ ચાલુ વર્ષ માટે મંજુર કરવામાં આવ્યું હતું.

વાયડ ખાતે ચૈત્રી સંઘ (માર્ચ ૨૦૧૮) દરમ્યાન ચેરમેન શ્રી ચીનુભાઈ આર. શાહનો સન્માન કાર્યક્રમ યોજવા માટે જરૂરી ખર્ચની મંજુરી સંયોજક હોદ્દેદારોને આપવામાં આવે છે.

**ઠરાવ નં. ૫ 'વાયડામિત્ર' માં શ્રદ્ધાંજલિની જા.ખ / અન્ય સમાચાર- બાબતે**

કોઈ પણ એક અંકમાં એક વ્યક્તિના અવસાન અંગેની વધુમાં વધુ આખા પાનાની બે અથવા અડધા પાનાની ત્રણ થી ચાર જા. ખ. છાપવી.

પરનાતમાં પરણેલ બહેન-દીકરીઓના જન્મ તથા સિદ્ધિઓ ના સમાચાર / જા.ખ. વિગેરે 'વાયડામિત્ર' માં જગ્યાની અનુકુળતા પ્રમાણે છાપી શકાશે.

આજની એ.જી.એમ-૨૦૧૭ની સભામાં નીચે જણાવેલ કારોબારી સભ્યો હાજર રહેલ હતા.

| ક્રમ | નામ | શહેર |
|---|---|---|
| ૦૧ | શ્રી ચીનુભાઈ આર. શાહ | અમદાવાદ |
| ૦૨ | શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ |
| ૦૩ | શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ |
| ૦૪ | શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ |
| ૦૫ | શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ |
| ૦૬ | શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ |
| ૦૭ | શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ |
| ૦૮ | શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા |
| ૦૯ | શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા |
| ૧૦ | શ્રી શ્રેણીકભાઈ એન. પરીખ | અમદાવાદ |
| ૧૧ | શ્રી હરીશભાઈ જે. શાહ | વડોદરા |
| ૧૨ | શ્રી અમિતભાઈ જી. પરીખ | કડી/અમદાવાદ |
| ૧૩ | શ્રી નિશીથભાઈ એ. પરીખ | પાટણ/અમદાવાદ |

ભોગીલાલ ચાંપશી શાહ પરિવારના જય શ્રી કૃષ્ણ.

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.

| | | |
|---|---|---|
| ૧૪ | શ્રી હિમાંશુભાઈ જી. શાહ | અમદાવાદ |
| ૧૫ | શ્રી શૈલેશભાઈ પી. શાહ | અમદાવાદ |
| ૧૬ | શ્રી ઉમાંકાન્તભાઈ જે. પરીખ | અમદાવાદ |
| ૧૭ | શ્રી હરીશભાઈ એન. શાહ | અમદાવાદ |
| ૧૮ | શ્રી અશોકભાઈ આર. કિનખાબવાળા | અમદાવાદ |
| ૧૯ | શ્રી વીજેશભાઈ એન. શાહ | અમદાવાદ |
| ૨૦ | શ્રી રાકેશભાઈ એ. શાહ | અમદાવાદ |
| ૨૧ | શ્રી ઉદયભાઈ એમ. શાહ | અમદાવાદ |
| ૨૨ | શ્રી જીતેન્દ્રભાઈ એમ. શાહ | અમદાવાદ |
| ૨૩ | શ્રી હર્ષદભાઈ એન. શ્રોફ | વડોદરા |
| ૨૪ | શ્રી પરેશભાઈ એચ. શાહ | વડોદરા |
| ૨૫ | શ્રી નરેશભાઈ ડી. શાહ | સુરત |
| ૨૬ | શ્રી રશ્મિકાન્તભાઈ એન. શાહ | પેટલાદ/અમદાવાદ |
| ૨૭ | શ્રી કીન્જનભાઈ કે. શાહ | પેટલાદ/અમદાવાદ |

સભામાં આમંત્રિત સભ્યો નીચે મુજબ હાજર રહ્યા હતા :

સર્વશ્રી

રૂપેશભાઈ એચ. શાહ અમદાવાદ, ભરતભાઈ સી. પરીખ અમદાવાદ, દર્શનભાઈ આર. શાહ અમદાવાદ, શ્રી સુહાસભાઈ એચ. શાહ અમદાવાદ, શ્રી શરદભાઈ જે. પરીખ અમદાવાદ, પીયુષભાઈ એમ. શાહ અમદાવાદ, ચંદ્રેશભાઈ વી. પરીખ અમદાવાદ, પ્રકાશભાઈ એસ. પરીખ (યુ.એસ.એ.), કિર્તીભાઈ એચ. શાહ (યુ.એસ.એ.), જૈમિનભાઈ ડી. ગાંધી ડીસા, શ્રી દિનેશભાઈ પરીખ કલોલ, જૈમીનભાઈ યુ. મહેતા અમદાવાદ, મુદ્રક વા.મિ.

સભ્યોના ગેરહાજરી / શુભેચ્છા વિષયક સંદેશ :

સર્વશ્રી  ડૉ. રોહિતભાઈ જે. શાહ પાટણ, પ્રવિણચંદ્ર બી. પરીખ અમદાવાદ, અશોકભાઈ આર. પરીખ પાટણ, અજયભાઈ એ. પરીખ પાટણ, રમેશભાઈ બી. પરીખ મુંબઈ, હર્ષદભાઈ એસ. પરીખ અમદાવાદ, બીપીનભાઈ કે શાહ મુંબઈ, અરુણભાઈ એસ. શાહ (રંગવાલા) વડોદરા, નરેન્દ્રભાઈ એસ. શાહ વડોદરા

શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

જ્યોતિબહેન કેશવલાલ શાહ પરિવાર, (મુલુન્ડ–મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

**આભાર વિધિ :**

સભાની કાર્યવાહીને અંતે શ્રી વ્રજેશભાઈ એન. પરીખે, સભામાં પધારેલ સર્વ સભ્યો તથા સભાસ્થળના આયોજન અને સર્વેના ચા–પાણી, તથા ભોજનના ખર્ચ અંગેની સ્પોન્સરશીપ માટે અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ તથા તેના પ્રમુખ શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખનો આભાર માન્યો હતો. ત્યાર બાદ પ્રમુખશ્રીએ સભાને પૂર્ણ થયેલી જાહેર કરેલ હતી અને સ્વાદિષ્ટ ભોજનનો તૃષ્ટિપૂર્ણ આનંદ લઈ સહુ છુટા પડ્યા હતા.

**– ધીરેન કે. પરીખ**
**વાઈસ–પ્રેસિડેન્ટ (પૂર્વ માનદ્ મંત્રી)**
**– શ્રી વાયડ વણિક સેવા ટ્રસ્ટ**

## પેનલ જાહેરખબર અંગે

(૧) પેનલ જા.ખ. માટેનું વર્ષ એપ્રિલથી માર્ચ સુધીનું હોઈ વર્ષ ૧૮–૧૯ માટે પેનલ જા.ખ.માં સુધારો કરવાનો હોય, પેનલ જા.ખ. નવિન આપવાની હોય અગર સંજોગોવશાત રદ કરવાની હોય તો તુરત જાણ કરવા વિનંતી છે.

(૨) પેનલ જા.ખ.નો વાર્ષિક દર રૂા. ૬૦૦/– રાખેલ છે.

(૩) અગાઉનાં વર્ષનાં બીલની રકમ બાકી હોય તો સત્વરે મોકલી આપવા વિનંતી છે.

**– નિશીથ એ. પરીખ**
**વ્યવસ્થાપક**



Happiness is when what you **think**, what you **say**, and what you **do** are in **harmony**.

**- Mahatma Gandhi**

નિરંજનાબહેન ઉદેશચંદ્ર શાહ પરિવાર, મુંબઈના જય શ્રી કૃષ્ણ.

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

# ગ્લોબલી કનેક્ટેડ વાયડા (GCV)

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ રાહબરી હેઠળ, GCV દ્વારા વાયડા જ્ઞાતિના જ્ઞાતિજનો જ્યાં પણ રહેતા હોય તે સૌને એકમેકથી જોડવાનો આ સુપ્રયાસ છે. દરેક જ્ઞાતિજનને, તેઓનું ભૌગોલીક સ્થાન, વય, અભ્યાસ, કાર્યક્ષેત્ર વિગેરેને ધ્યાનમાં લીધા વગર નેટવર્કીંગને મજબુત બનાવવા, જ્ઞાનની વિશાળ સમૃદ્ધી સંપૂર્ણ બનાવવા અને ફેલોશીપ વધારવા આપણે જોડાઈએ. સંક્ષિપ્તમાં હેતુ નીચે મુજબ છે.

**૧. મજબુત સક્ષમ વૈશ્વિક નેટવર્કીંગનો વ્યાપક ઉપયોગ :**

આપણે સૌ નેટવર્કીંગના ફાયદાથી પરિચિત છીએ. ચાલો - GCV દ્વારા એકમેકને જોડીએ, જાણીએ–આપણા સાથી જ્ઞાતિજનોનો પરિચય કેળવીએ, આપણામાંથી ઘણાએ વ્યવસાય, રોજગાર અને કાર્યક્ષેત્રમાં ઘણી ઉંચાઈ પ્રાપ્ત કરી છે, કેટલાક અમુક ચોક્કસ કાર્યક્ષેત્રના નિષ્ણાત પણ હશે, હેતુ એ જ છે કે જ્ઞાતિના તમામ જ્ઞાતિજનો માટે આ સંચય ઉપલબ્ધ કરાવવાનો છે.

આ પ્રયાસ જ્ઞાતિજનો વિષે તમામ સભ્યોમાં જાગૃતિ લાવશે અને આજે જે, તે જ્ઞાતિજન, યથાસ્થાને ઉભા છે, તે આ ડેટાબેંકની મદદથી જ્ઞાનના વિનિમયથી પોતાની કુશળતા, અભ્યાસ – અનુભવ જ્ઞાન, બીજા જ્ઞાતિજન માટે ઉપયોગી પૂરવાર થશે. તમામ જ્ઞાતિજનોના નેટવર્કીંગનો આ જ હેતુ છે.

**૨. જ્ઞાન–કૌશલ્ય કેન્દ્ર** (Knowledge-Expertise Hub) **સ્થાપના–વિનિમય :**

આવો આ દિશામાં પહેલ કરી જ્ઞાન–કૌશલ્યની વિશાળ સંપત્તિ એકત્રીત કરીએ. આપણે નાણાકીય સંપત્તિ એકત્રીત કરવાનું વિચારીએ છીએ, પરંતુ આજે જ્ઞાન–કૌશલ્યની સંપત્તિ વિષે વિચારીએ. જ્ઞાન–કૌશલ્ય કેન્દ્ર દ્વારા જ્ઞાન–કૌશલ્યનું આદાન પ્રદાન કરીએ, વિચારો અને અનુભવની આપ લે કરીએ. જ્ઞાન–કૌશલ્ય વિચાર તથા અનુભવને આપણે સામાન્ય પ્લેટફોર્મ પર લાવી, દરેક માટે પ્રાપ્ય બનાવીએ. તે કરવા માટે નિમ્નલિખીત રીતો અપનાવીએ :

૧. વોટ્સએપ–ઈમેલ પર સામ્યતા ધરાવતા વિચારો અને જ્ઞાન વિનિમયનું ગ્રુપ બનાવવું સમયાનુચિત, પ્રાસંગિક ભેગા થઈ પસંદગીના વિષયો ની ચર્ચા કરવી.

૨. ઇંગલીશમાં બીજું નવું ડીજીટલ ઈ–મેગેઝીન વેબસાઈટ ઉપર પોસ્ટ કરવું.

સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ–મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

૩. જ્ઞાતિની વેબસાઈટ www.vayvaset.in પર ઓન લાઈન બ્લોગ બનાવી જ્ઞાન–કૌશલ્ય વિનીમય / ચર્ચાઓ / સૂચનો માટે જ્ઞાતિજનોને આમંત્રિત કરવા.

આ સંબંધિત વિષયોમાં સ્વાસ્થ્ય, શિક્ષણ, પેરેંટીંગ, ફાઈનાન્સ પ્લાનીંગ, આર્થિક રોકાણ, આહાર, 'કાનુની સલાહ', ધંધાકીય સાલહ, રીસ્ક મેનેજમેન્ટ, એન્જીનીયરીંગ, ટેકનોલોજી, વીમાજ્ઞાન, અર્થશાસ્ત્ર, સોશિયલ બોન્ડીંગ, આવા અનેક વિષયોના સમાવેશ શક્ય છે જે યુવાન પેઢીને તેમના અભ્યાસ, રૂચિ, કારર્કિદીના નિર્માણ વ્યવસાય વિગેરેને આગળ લઈ જવામાં મદદરૂપ થશે.

**૩. મિત્રાચારી (ફેલોશીપ) વધારવી :**

જૂનામિત્રો અને નવા જ્ઞાતિજનો સાથે જોડાઈને ભવ્ય ભૂતકાળને યાદ કરીએ અને ભવિષ્યના નવા સબંધોનું નિર્માણ કરીએ, આ જોડાણ હંમેશા આપણને સંતોષ આપશે. GCVના માધ્યમથી જ્ઞાતિના તમામ જ્ઞાતિજનોને જોડવાનો આ સંકલ્પ છે, જે એકવાર શરૂ થયે આપમેળે પ્રોત્સાહિત થતો રહેશે. ફેલોશીપમાં વધારો અને તેનાથી સર્જાતી એકતાનો પરિસંવાદ માણીએ, તેનું ફળ પામીએ. આવો, સાથે મળી આ જોડાણને વધાવી આગળ વધીએ, વિકાસ પામીએ.

**વોટ્સએપ મેસેન્જર ગ્રુપના સિધ્ધાંતો / નિયમો તથા મેમ્બર્સ માટેની ગાઈડલાઈન્સ :**

GCV ની પહેલ વોટ્સઅપ ગ્રુપ છે, જેનાથી દેશ વિદેશમાં વસતા આપણા જ્ઞાતિજનો, ડીજીટલી જોડાઈ વ્યક્તિગત સંપર્કમાં રહી, એક મેક સાથે ઉપરોક્ત દર્શાવેલ ફાયદાઓ માણી શકે, જ્ઞાન–કૌશલ્ય વિનિમય કરી શકે. આ વોટ્સઅપને વધુ સારી રીતે સંચાલીત કરવા તેના અમુક ચોક્કસ સિદ્ધાંતો અનુસરવા વિનંતી કરવામાં આવે છે. આ સિદ્ધાંતો / નિયમો એકબીજા સાથે આ માધ્યમથી જોડાવા માટે મહત્વપૂર્ણ સંદેશા–વ્યવહાર અને પ્રાથમિક સંકલનનો ઉદ્દેશ સુનિશ્ચિત કરવા માટે છે.

**પ્રારંભિક સિધ્ધાંતો નીચે મુજબ છે.**

૧. આ ગ્રુપમાં ફક્ત વાયડા વણિક વ્યક્તિઓને જ મેમ્બરશીપ આપવામાં આવશે.

૨. પહેલા મેમ્બરનું સહી કરેલ વિગતો ભરેલ આવેદનપત્ર ગ્રુપ એડમીનને ઈ–મેઈલથી પહોચાડવું જરૂરી છે. (ફોર્મની બ્લેન્ક કોપી જ્ઞાતિની વેબસાઈટ પરથી મેળવી શકાશે)

મેમ્બરશીપ લેવા માટેની વ્યક્તિગત બાહેંધરી (એપ્લીકેશન ફોર્મમાં ભરવાની રહેશે)

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. ગુણવંતીબહેન રસિકલાલ પરીખ (કડી) ના જય શ્રી કૃષ્ણ.

"મને આપવામાં આવનાર જી.સી.વી.ના વોટ્સેપ ગ્રુપની મેમ્બરશીપ માટે મારા દ્વારા ગ્રુપમાં મુકવામાં આવનાર કન્ટેન્ટ (મોકલાવેલ સંદેશા) બાબતે હું મારી વ્યક્તિગત જવાબદારીની બાહેંધરી આપું છું. આ કન્ટેન્ટ માટે કોઇ પ્રકારની કાયદાકીય જવાબદારી ઉભી થાય તો તે સંપૂર્ણપણે મારી રહેશે. જ્ઞાતિ તથા ગ્રુપ એડમીન મારા કન્ટેન્ટ માટે સામાજિક અથવા કાયદાકીય રીતે બધી જવાબદારીથી મુક્ત રહેશે."

૩. ત્યાર બાદ મોબાઇલ નંબરથી મેમ્બરને જી.સી.વી. વોટ્સેપ મેસેન્જર ગ્રુપમાં જોડાવામાં આવશે. આ મેમ્બરશીપ, ગ્રુપના એડમીનશ્રી થકી આપવામાં આવશે. મેમ્બરના એક મોબાઇલ નંબરને આ ગ્રુપના લીસ્ટમાં સામેલ કરવામાં આવશે. આ વર્ષની મેમ્બરશીપ ૩૧ માર્ચ ૨૦૧૮ સુધી નિ:શુલ્ક ચાલુ રહેશે ૧ એપ્રિલ ૨૦૧૮ પછી રીન્યુ કરી શકાશે.

ગ્રુપના સિદ્ધાંતો તથા નિયમોના ભંગ સબબ, મેઇન ગ્રુપ એડમીનશ્રી કોઇ પણ સભ્યની મેમ્બરશીપ તત્કાલીન ધોરણે રદ - બાતલ કરવાની સત્તા ધરાવે છે તથા સંપર્ક અને ગાઇડન્સ માટે સ્થાનિક (રીજીઓનલ) વોલન્ટીયર્સ / સબ-એડમીનની નિમણુંક કરી શકે છે.

૪. જ્ઞાતિને લગતી તમામ માહિતી પ્રસારીત કરવાની છુટ છે. કોઇપણ જ્ઞાતિજનની સિધ્ધિઓ અથવા ઉપલબ્ધીઓ પ્રસારીત કરવાની છુટ છે. જ્ઞાતિજન સ્વજનના નિધન / બેસણા અંગેની માહિતી મુકવાની છુટ છે. શિક્ષણ / રમતગમત / ઈત્તર રાજ્ય કક્ષા - રાષ્ટ્રિય કક્ષાની પ્રવૃત્તિઓ / કલા / હસ્તકલા / સંગીત / નૃત્ય / વ્યવસાય / રોજગાર (વિગેરે ક્ષેત્રની અંગત) / અંગત મેળવેલી સિધ્ધી પ્રસારીત કરી શકાય છે.

૫. ફોરવર્ડ ચિત્રો, વિડીયો, સંદેશાઓને સોમવાર થી શનિવાર સુધીના દિવસોએ પ્રસારીત કરવાની મનાઈ છે. આવા સંદેશાઓ અને બીજા ચિત્રો, મૂળ ઉદ્દેશ્યનો હેતુ સિધ્ધ થવા દેતા નથી.

૬. રવિવારે, મનોરંજન પ્રદાન કરવાના હેતુથી આપવાદ રૂપ મનોરંજક, નોંધ કે સંદેશાઓ કે ચિત્રો-વિડીયો પ્રકારના સંદેશાઓ પ્રસારિત કરવાની છુટ આપવામાં આવે છે. આ માત્ર રવિવાર પૂરતુ જ મર્યાદીત છે.

૭. તહેવારની શુભેચ્છાઓની આપ લે માત્ર પાંચ મુખ્ય હિંદુ-વૈષ્ણવ તહેવારોમાં જ કરી શકાશે. તે તહેવારો ફક્ત : ઉત્તરાયણ, હોળી, જન્માષ્ટમી, દિવાળી,

વેલજી ભીમજી પરિવાર (કચ્છ) - મુંબઈના જય શ્રી કૃષ્ણ.

અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

બેસતુ વર્ષ રહેશે. બીનજરૂરી ફોરવર્ડ મેસેજથી દૂર રહેવા વિનંતી કરવામાં આવે છે.

**જી.સી.વી. વોટ્સેપ (WhatsApp) ગ્રુપ ડિસ્કલેઈમર :**

"જી.સી.વી. જ્ઞાતિ-ગ્રુપ થકી શરૂ કરવામાં આવેલી વોટ્સેપ મેસેન્જર પ્રવૃત્તિ, વૈશ્વિક વાયડા વણિક સભ્યોના અરસ-પરસના સંપર્ક તથા સંદેશ-વ્યવહાર લાભાર્થે બનાવેલ ડીજીટલ પ્લેટફોર્મ છે. આ સંદેશાઓ અંગેની દરેક પ્રકારની જવાબદારી સંદેશા (પોસ્ટ / કન્ટેન્ટ) મુકનાર સભ્યોની વ્યક્તિગત રહેશે. આ સંદેશાઓ અંગે ઉદ્ભવી શકતી સર્વે કાયદાકીય જવાબદારીઓનું પાલન ફક્ત અને ફક્ત મુકનાર સભ્યને કરવાનું રહેશે. આ માટે ગ્રુપ અથવા એડમીનની કોઈ જવાબદારી નહિ રહે તેની નોંધ લેવી."

VAYVASET Connecting mutual strengths

VAYCONNECT
Connecting Us Globally

## નિઃશુલ્ક એક્યુપ્રેસર કેમ્પ (૪૦૩) અને પ્રશિક્ષણ

જય ભગવાન એક્યુપ્રેસર સર્વિસ (મુંબઈ), સુહાની ફાઉન્ડેશન અને શિવાનંદ આશ્રમના સહયોગમાં મુંબઈ અને અમદાવાદના નિષ્ણાત થેરાપીસ્ટ સેવાદાન કરશે. ગુરુજી શ્રી નવીનભાઈ હાજર રહેશે. જ્ઞાતિજનોને લાભ લેવા નમ્ર વિનંતી.

**તારીખ :** ૬-૨-૨૦૧૮ થી ૧૨-૨-૨૦૧૮ (મંગળવાર થી સોમવાર)

**સ્થળ :** શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરા, સેટેલાઈટ રોડ, અમદાવાદ.

**સમય :** સારવાર માટે સવારે ૯ થી ૧૧
પ્રશિક્ષણ માટે સાંજે ૨-૩૦ થી ૫-૩૦

પ્રશિક્ષણ માટે અગાઉથી રજિસ્ટ્રેશન જરૂરી છે.

**સંપર્ક કરો**

સુહાની ફાઉન્ડએશન, C/o રંગશ્રી માર્કેટીંગ, ૮, શારોન પાર્ક સોસાયટી,
ઉમિયા વિજય પાસે, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫
ફોન નં. : ૨૬૭૬૧૬૭૯, ૨૬૭૬૮૭૪૧ (મો.) ૯૪૨૬૦૫૬૬૮૦ (સુહાસ શાહ)

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.

## Globally Connected Vayda
## Update on meeting held on 17/12/2017 at Ahmedabad

As all of you are aware, that Globally Connected Vayada initiative has been implemented under Shree Vayada Vanik Seva Trust with primary objective of connecting cast members located all over the world. The initiative is at initial stage and efforts are being made to implement the objectives and to connect all caste members on one platform.

With this objective, a meeting, under the guidance and supervision of Shri Dhirenbhai Kantilal Parikh, Vice President, Shree Vayada Vanik Seva Trust was held on 17/12/2017 at Ahmedabad wherein caste members from various centers including foreign countries have attended this meeting, on invitation.

During the meeting, following points were discussed :

1. Over view of objectives
2. Finalising team of Volunteers / Representatives / Point of Contacts for each centre to work as leaders to promote the activity of GCV at each centre including all foreign centres and cities.
3. Identifying the ways and means of connecting cast members and how it can provide help to everyone
4. Formulating implementation strategy for each centre
5. Connecting mechanism amongst different centres i.e. centre to centre connection.

We are delighted to share that all invitees from different centres have expressed their views to strengthen connection of caste members enthusiastically and the discussion emerged as thought provoking and result oriented. We are further glad to share that Shri Ramendrabhai Parikh, President, Ahmedabad Dasha Vayada Vanik Caste, Shri Sharadbhai P Shah from Mehsana representing Patan Dasha Vayada Vanik Caste, Shri Shaileshbhai P. Shah, President, Samiri Vanik

સ્વ. જયાબહેન જેઠાલાલ ખેંગાર શાહ, મુલુન્ડ, મુંબઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.

Samaj Utkarsh Mandal, Shri Shrenikbhai N Parikh, Editor, Vaydamitra have also remained present, amongst other invitees and shared their rich experiences which were very helpful for us to move an inch closer towards the fulfillment of objectives of GCV. Some of the members present in the meeting have also accepted responsibility to conduct various activities on behalf of GCV.

All cast members present have shown their commitment in implementing GCV initiative. We all are encouraged with the enthusiasm and commitment and confident of spreading the initiative at all centers in time to come.

(Amit G. Parikh) (Vrajesh N Parikh) (Mehul S Shah)

## વાયુદેવતા મંદિર, બાજવડાને મળેલ ભેટ

૧ ચાંદીનો વાટકો – વજન ૧૯૨ ગ્રામ–૧ નંગ, ભાનુમતીબેન કલ્યાણદાસ શાહ વીલેપાર્લે, મુંબઈ તરફથી હ. શૈલેષભાઈ કે. શાહ વડોદરા

૨ વાઘા માટેનું કાપડ સાથે સિલાઈ મળેલ છે. સ્મિતાબેન શૈલેષભાઈ શાહ કરોલબાગ, વડોદરા

૩ મંદિરમાં વિરાજતા બે દેવી સ્વરૂપો માટે – ૨ નંગ સાડી ભેટ કરનારે નામ લખાવેલ નથી.

૪ મંદિર માટે વાઘાનું કાપડ તથા ખેસ સિલાઈ સાથે મળેલ છે. મનોજભાઈ વલ્લભદાસ દેસાઈ, વડોદરા

૫ માતાજી માટે ૧ સાડી બેલાબેન નિરજકુમાર પરદેશી હાલ, ભરૂચ આપ સૌનો ટ્રસ્ટ વતી ખૂબ ખૂબ આભાર.

**શ્રી વાયુદેવતા મંદીર બાજવડા, વડોદરા**
**– કશ્યપભાઈ શ્રોફ**
**વડોદરા**

# જ્ઞાતિ માટે વિદ્યા સહાયક (કેળવણી) ફંડની આવશ્યકતા

સુજ્ઞ જ્ઞાતિજનો,

આપણી જ્ઞાતિએ છેલ્લા કેટલાક વર્ષોમાં વિવિધ ક્ષેત્રે ઘણી સારી પ્રગતિ કરી છે અને મોટા ભાગના જ્ઞાતિજનો આર્થિક દ્રષ્ટિએ પણ સુખી અને સાધન-સંપન્ન થયા છે. જરાક ધ્યાનથી વિચારીએ તો આની પાછળ જ્ઞાતિમાં વધેલા શિક્ષણનો મહત્ત્વનો ફાળો દેખાય છે. આપણી જ્ઞાતિના મોટી સંખ્યામાંના ભાઈ-બહેનો હવે પ્રોફેશનલ્સ તરીકે અથવા તો સારી નોકરીઓમાં જોડાઈને પોતાની કારકિર્દી બનાવી રહ્યા છે. જેમના કુટુંબમાં નાના-મોટા ધંધા કે ઉદ્યોગ હશે તેઓ પણ પોતાના બાળકોને સારૂ શિક્ષણ આપવા હંમેશાં પ્રયત્નશીલ રહે છે. તેઓ સૌએ સ્વીકારે છે કે સારૂ શિક્ષણ મેળવેલું હશે તો કોઈપણ વ્યક્તિ ભવિષ્યના પડકારોનો સામનો વધુ વિશ્વાસ અને સફળતાપૂર્વક કરી શકાશે.

આપણી જ્ઞાતિએ વાયડ અને બીજા શહેરોમાં જ્ઞાતિજનોના સામાજીક સંપર્કો જળવાઈ રહે અને સામુહિક રીતે ધાર્મિક પ્રસંગોની ઉજવણી ઉત્સાહપૂર્વક થઈ શકે તેવા હેતુથી જમણવાર જેવી વ્યવસ્થાઓ સફળતાપૂર્વક ગોઠવી છે અને તેમાં સારૂ એવું ફંડ પણ એકત્ર કરી શકાયું છે. સર્વે જ્ઞાતિજનોનો આ અંગેનો સહકાર પ્રશંસનિય છે.

છતાં, એ નોંધવું જોઈએ કે અત્યાર સુધીમાં આપણી જ્ઞાતિએ કેળવણીક્ષેત્રે કોઈપણ કુટુંબને સહાયની જરૂર હોય તો તે માટે અસરકારક અને સાચા અર્થમાં ઉપયોગી થાય તેવી વિદ્યા-સહાયક યોજના તૈયાર કરી નથી. બહું મોટી સંખ્યામાંના જ્ઞાતિજનાને કદાચ આ ક્ષેત્રે કોઈ સહાયની આવશ્યકતા ન પણ હોય છતાં કોઈપણ સાચી જરૂરિયાતમંદ વ્યક્તિને આ અંગેની સહાય પ્રાપ્ત ન થાય તે આપણા જેવી પ્રગતિશીલ જ્ઞાતિને શોભતું નથી અને આ બાબતમાં વહેલી તકે આપણે સૌએ સાથે મળીને કોઈ નક્કર યોજના તૈયાર કરવી જરૂરી જ રહી જેથી કરીને જ્ઞાતિનો કોઈપણ વિદ્યાર્થી કે વિદ્યાર્થીની આર્થિક સાધનોને અભાવે પોતાનો ઈચ્છિત અભ્યાસ ન કરી શકે, તેવું ન બને.

આ માટે શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટની તા. ૧૭મી ડિસેમ્બર, અમદાવાદ

મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ - મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.

ખાતે મળેલી સામાન્ય સભામાં ચર્ચા થઈ હતી. નવા વરાયેલી પ્રમુખશ્રી શશાંકભાઈ શાહે આ પ્રશ્નને વિશિષ્ટ મહત્ત્વ આપવા સૌ કોઈને અપીલ કરી હતી.

આ અંગે મારા વિચારો દર્શાવતાં મેં એમ જણાવ્યું હતું કે સેવા ટ્રસ્ટના ભાગરૂપે જ જ્ઞાતિએ અલાયદુ કેળવણી ફંડ ઉભુ કરવું જોઈએ અને તેમાં સારૂ એવું કોર્પસ એકત્ર કરીને જરૂરિયાતમંદોને તેમાંથી સહાય કરવી જોઈએ. સેવા ટ્રસ્ટ જલ્દીથી આ વ્યવસ્થા ગોઠવે અને સમગ્ર જ્ઞાતિજનોને તેમાં સહાયભૂત થવા વિનંતિ કરે.

સારા કાર્યો માટે આપની જ્ઞાતિમાંથી હંમેશા સાધનો મળી રહે છે તે મેં જોયું અને અનુભવ્યું છે. વહેલી તકે આપણે સૌ આ દિશામાં વિચારીએ અને આગળ વધીએ તે આજનો તકાદો છે.

**– ચીનુભાઈ આર. શાહ**

## અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ

## સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો જોગ ...

### પાટોત્સવ પ્રસંગે હવન

સંવત ૨૦૭૩ના મહા વદ ૫ ને સોમવાર તા. ૫-૨-૧૮
શ્રીફળ હોમવાનો સમય : સાંજના ૬-૦૦ કલાકે
સ્થળ : શ્રી વાયુદેવતાજીનું મંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭
ટે. નં. ૨૬૬૩૦૫૭૧

સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો માટે હવન તથા ધજાજીની ઉછામણી તા. ૨૮-૧-'૧૮ ને રવિવારે સવારના ૧૧-૦૦ કલાકે ઉપર્યુક્ત સ્થળે રાખવામાં આવી છે. હવનની ઉછામણીની શરૂઆત રૂ. ૧૦૦૦ થી થશે. સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને દર્શનાર્થે પધારવા હાર્દિક નિમંત્રણ છે.

| | | |
|---|---|---|
| રમેન્દ્ર જે. પરીખ | સ્મિત કે. શાહ | રૂપેશ એચ. શાહ |
| પ્રમુખ | મંત્રી | સહમંત્રી |

ડૉ. કિશોરભાઈ રસિકલાલ પરીખ (અંકલેશ્વર)ના જય શ્રી કૃષ્ણ.

# શ્રી અમદાવાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ

ભાદરવા સુદ-૬ ને મહા વદ-૫ ચેરીટેબલ ટ્રસ્ટ

## સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો જોગ

ઉપર્યુક્ત ટ્રસ્ટ તથા સ્વ. શ્રી ઈન્દુમતીબહેન રમણલાલ શાહની પુણ્ય સ્મૃતિમાં શ્રી ચીનુભાઈ આર. શાહ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા સ્વ. શ્રી જેઠાલાલ અમરતલાલ પરીખ તથા સ્વ. શ્રી વિદ્યાગૌરી જેઠાલાલ પરીખના સ્મરણાર્થે હસ્તે શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ તરફથી મળેલ કાયમી ફંડમાંથી....

**મહાપ્રસાદ (અમદાવાદ)**

સંવત ૨૦૭૩ના મહા વદ ૫ ને સોમવારે તા. ૫-૨-૧૮

મહાપ્રસાદનો સમય : સાંજના ૭-૦૦ કલાકે

સ્થળ : શ્રી વાયુદેવતાજીનું મંદિર,
અમદાવાદ-૩૮૦૦૦૭
ટે. નં. ૨૬૬૩૦૫૭૧

હવનની પૂર્ણાહુતિ બાદ ઉપસ્થિત સૌ જ્ઞાતિજનો માટે મહાપ્રસાદ (ભોજન-સમારંભ)ની વ્યવસ્થા શ્રી અમદાવાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ ભાદરવા સુદ-૬ ને મહા વદ-૫ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી કરવામાં આવી છે. સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને મહાપ્રસાદ લેવા પધારવા હાર્દિક નિમંત્રણ છે.

**રમેન્દ્રભાઈ જે. પરીખ**
**પ્રમુખ**

ખાસ નોંધ : પરજ્ઞાતિમાં પરણેલી જ્ઞાતિની બહેનો/દીકરીઓ પોતાના કુટુંબ સાથે આવી શકશે.

સ્વ. દિપક વ્રજલાલ શાહ પરિવારનાં જય શ્રી કૃષ્ણ.

જ્યોતિબહેન પ્રાણજીવન શાહ (ભીવંડી)ના જય શ્રી કૃષ્ણ.

# શ્રી વાયડા વણિક મહિલા મંડળ, ભરૂચ

## પ્રોગ્રામ - ૪ - સ્નેહમિલન સમારંભ

વિક્રમ સંવત ૨૦૭૪માં ૨૯-૧૦-૧૭ને રવિવારે ૨૩મો સ્નેહમિલન સમારંભ યોજવામાં આવ્યો. કાર્યક્રમની શરૂઆત સેક્રેટરી શ્રીમતી જ્યોતિ દલાલ દ્વારા સૌને નૂતનવર્ષના અભિનંદન પાઠવવામાં આવ્યા. સૌનું સમારંભમાં હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી. ત્યારબાદ સૌએ સાથે મળી મંગલાચરણ ગાઈ પ્રોગ્રામ આગળ પધાર્યો.

ત્યારબાદ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નીપાબેન શાહે પ્રવચન કર્યું. ત્યારબાદ ૫-૦૦ થી ૬-૦૦ વાગ્યા સુધીમાં નોંધવામાં આવેલા જ્ઞાતિજનોમાંથી લકી ડ્રોની ચીટ કાઢવામાં આવી. જેમાં ઉદયભાઈ શાહ લકી જાહેર થયા. એમને મહિલા મંડળ તરફથી ઈનામ આપવામાં આવ્યું.

વાયડા વણિક જ્ઞાતિ પંચના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ચોક્સી દ્વારા પ્રવચન કરવામાં આવ્યું.

વર્ષ દરમ્યાન નિધન પામેલ સ્વ. શ્રી રાજુકાકા, સ્વ. મિનાક્ષીકાકી તથા સ્વ. લતિકભાઈને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી અર્પવામાં આવી.

મહિલા મંડળે જુદી જુદી વયના ગ્રુપ પાડી બધાને ગેમ રમાડી હતી. આ વખતે સિનિયર સીટીઝનથી ગેમ રમાડવાની શરૂઆત કરવામાં આવી. વય ગ્રુપ ૬૦થી ઉપરનાને વ્રજ પરીક્રમાના સ્થળોના નામની હાઉસી રમાડવામાં આવી. ગેમ સંચાલક દિપ્તિબેન, ફાલ્ગુનીબેન તથા તમન્નાબેન વિજેતા (૧) ચંદ્રીકાબેન પરીખ (૨) ભુપેન્દ્રભાઈ ચોક્સી (૩) દેવીકાબેન શાહ

વય ગ્રુપ ૧૧ થી ૨૦ હાઉસી કોઈન પ્રમાણે ૨ થી ૯ ઉંધા રાખેલા પત્તા ઉપાડવા.

ગેમ સંચાલક : હેમા શાહ, ચંદ્રીકાબેન પરીખ

વિજેતા : (૧) નિધિ તોલાટ (૨) નિશી તોલાટ (૩) કરણ ચોક્સી

વય ગ્રુપ ૨૧ થી ૫૯ Pair the, Playing Cards

વિજેતા ભાઈઓ (૧) પરેશભાઈ ગાંધી (૨) હેમંતભાઈ મારફતિયા

વિજેતા બહેનો (૧) હિના તોલાટ (૨) જ્યોતિ દલાલ (૩) શિલ્પાબેન તાલોટ

શેઠશ્રી જમનાદાસ ભીમજી પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

(૪) કૃપાલી શાહ

રમતગમત બાદ જ્ઞાતિપંચ તરફથી ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા.

ડૉ. પિયુષભાઈ પરીખે ગોપાષ્ટમીનું મહત્ત્વ સમજાવ્યું તથા કિર્તન સંભળાવી બધાને આનંદ કરાવ્યો.

સંગીતના સૂરો દ્વારા શ્રી કિશોરભાઈ પરીખ, શ્રી પરેશભાઈ ગાંધી, શ્રીમતી પ્રિતિબેન દલાલ, શ્રીમતિ જ્યોત્સનાબેન ગાંધી, શ્રી નવિનભાઈ ગાંધી એ સર્વેને ખૂબ જ આનંદ કરાવ્યો.

અંતમાં સેક્રેટરીએ સર્વેનો આભાર વ્યક્ત કરી સૌને પ્રિતિભોજન લેવા આમંત્રણ આપ્યું.

પ્રમુખ — સેક્રેટરી

નિપાબેન શાહ — જ્યોતિબેન

## શ્રી વાયડ માતાજીનો ચૈત્ર સંઘ (૨૦૭૪) સુધારો

સંઘ ચૈત્ર સુદ-૫ તા.૨૨-૩-૨૦૧૮ના રોજ ગુરૂવારે પ્રસ્થાન કરશે. તથા ચૈત્ર સુદ - ૯ તા. ૨૬-૦૩-૨૦૧૮ના રોજ પરત ફરશે.

અરવિંદ કે. પરીખ (સેક્રેટરી) રમેન્દ્ર જે. પરીખ (પ્રમુખ)


## ઘર જેવી જ શુદ્ધ અને સ્વાદિષ્ટ ★★★

ઘઉંની સેવ(ઓસાવાની) ..... રૂા.૧૪૦/- પ્રતિ કિલો

ચોખાની સેવ ................ રૂા.૧૯૦/- પ્રતિ કિલો

ચોખાનાં સારેવડાં............. રૂા.૧૯૦/- પ્રતિ કિલો

: સંપર્ક :

કાનલ દીપલ ચોકસી

ઈ-૩૦, ધર્મયુગ ફ્લેટ્સ, આશાપુરી મંદિરના ખાંચામાં,
મીરા-માધવ ફ્લેટ્સની સામે, જીવરાજપાર્ક, અમદાવાદ-૩૮૦૦૫૧.
મો. ૯૮૨૫૩૪૪૫૮૨

સ્વ. પ્રેમિલાબહેન કાંતિલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

| તા. ૧-૧૨-૨૦૧૭ થી તા. ૩૦-૧૨-૨૦૧૭ સુધી મળેલ રકમની યાદી | | | | |
|---|---|---|---|---|
| પહોંચ નં. | રકમ રૂા. | નામ | ગામ | વિગત |
| ૬૧૮ | ૫૦૦ | એચ. એસ. ટ્રેડિંગ કું | અમદાવાદ | દિવાળી જાXખ |
| ૬૧૯ | ૫૦૦ | શ્રી આશિષભાઈ કાશીપારેખ | અમદાવાદ | દિવાળી જાXખ |
| ૬૨૦ | ૫૦૦ | દીપક ટ્રેડર્સ | અમદાવાદ | દિવાળી જાXખ |
| ૬૨૧ | ૧૦૦૦ | ડૉ. શૈલીન પરીખ | અમદાવાદ | દિવાળી જાXખ |
| ૬૨૨ | ૫૦૦ | શ્રી મનોજભાઈ બી. શાહ | અમદાવાદ | દિવાળી જાXખ |
| ૬૨૩ | ૩૦૦ | શ્રી હસમુખભાઈ કે. શાહ | અમદાવાદ | દિવાળી જાXખ |
| ૬૨૪ | ૩૦૦ | શ્રી બકુલભાઈ એસ. પરીખ | અમદાવાદ | દિવાળી જાXખ |
| ૬૨૫ | ૫૦૦ | પનાલાલ મોહનલાલ એન્ડ કું. | મુંબઈ | દિવાળી જાXખ |
| ૬૨૬ | ૨૦૦૦ | શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | દિવાળી જાXખ |
| ૬૨૭ | ૫૦૦ | શ્રી કીરણભાઈ સાકરલાલ શાહ | વડોદરા | દિવાળી જાXખ |
| ૬૨૮ | ૧૨૦૦ | શ્રી હર્ષદભાઈ પરીખ | અમદાવાદ | પેનલ જાXખ |
| ૬૨૯ | ૧૦૦૧ | શ્રી જયંતિભાઈ રામજીભાઈ વાયડા | મુંબઈ | ભેટ |
| ૬૩૦ | ૧૦૦૧ | શ્રી સતિષભાઈ વલ્લભદાસ શાહ | મુંબઈ | ભેટ |
| ૬૩૧ | ૬૦૦ | શ્રી નરેન્દ્રભાઈ ઝવેરલાલ શાહ | યુ.એસ.એ. | પેનલ જાXખ |
| ૬૩૨ | ૬૦૦ | શ્રી નરેન્દ્રભાઈ ઝવેરલાલ શાહ | યુ.એસ.એ. | પેનલ જાXખ |
| ૬૩૩ | ૬૦૦ | શ્રી નરેન્દ્રભાઈ ઝવેરલાલ શાહ | યુ.એસ.એ. | પેનલ જાXખ |
| ૬૩૪ | ૧૦૦ | શ્રી દિનેશભાઈ હેમચંદભાઈ શાહ | યુ.એસ.એ. | જાXખ |
| ૬૩૫ | ૩૦૦ | વિનોદ સર્જીકલ હોસ્પિટલ | અમદાવાદ | દિવાળી જાXખ |
| ૬૩૬ | ૩૦૦ | શ્રી ઉમાકાંતભાઈ જે. પરીખ | અમદાવાદ | જાXખ |
| ૬૩૭ | ૧૦૦૧ | શ્રી પરેશભાઈ એચ. શાહ | વડોદરા | ભેટ |
| ૬૩૮ | ૧૦૦ | શ્રી દિલીપભાઈ શાહ | અમદાવાદ | જાXખ |
| ૬૩૯ | ૩૦૦ | રંગશ્રી માર્કેટિંગ | અમદાવાદ | જાXખ |

'દ્રષ્ટિ આઈ ક્લિનિક' - ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

ધનાબહેન ગોપાલજી શાહ (માંડવી, કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

| | | | | |
|---|---|---|---|---|
| ૬૪૦ | ૫૦૦ | શ્રી જસવંતભાઈ સી. શાહ | મુંબઈ | દિવાળી જાXખ |
| ૬૪૧ | ૫૦૦ | શ્રી અરવિંદભાઈ કે. શાહ | ભૂજ | દિવાળી જાXખ |
| ૬૪૨ | ૨૦૦૧ | શ્રી નરેન્દ્રભાઈ કરશનદાસ શાહ | મુંબઈ | ભેટ |
| ૬૪૩ | ૩૦૦ | શ્રી નરેન્દ્રભાઈ કરશનદાસ શાહ | મુંબઈ | જાXખ |
| ૬૪૪ | ૧૦૦ | શ્રી ભરતભાઈ ગાંધી | વડોદરા | જાXખ |

– **વ્યવસ્થાપક**

## શ્રી વાયડા વણિક મહિલા મંડળ, ભરૂચ

### પ્રોગ્રામ – ૩ – નવરાત્રિ ગરબા

નવરાત્રિના ત્રીજા દિવસે તા. ૨૩–૦૯–૨૦૧૭ને શનિવારે શ્રીમતિ ચંદ્રીકાબેન પરીખના ઘરે સાંજે ૪–૦૦ વાગે ગરબાના પ્રોગ્રામનું આયોજન કરેલ હતું. સર્વે બહેનો સરસ તૈયાર થઈ માતાજીની આરાધના કરવા ગરબે ધુમવા આવી ગયા હતા.

પ્રથમ ટેપ પર ગરબાની શરૂઆત કરીને ત્યારબાદ મનીષાબહેને ગરબા ગવડાવ્યા. બધા ખુશીથી ધુમ્યા ઉપરાંત હીંચના આનંદનો લાભ લીધો લગભગ દોઢ કલાક બાદ બહેનોએ વિરામ લીધો માતાજીનો થાળ તથા આરતી કરવામાં આવી. માતાજીનો પ્રસાદ તથા નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું. પ્રસાદના મનોરથી (૧) શ્રીમતી મધુરીબેન દલાલ (૨) રંજનબેન ચોક્સી (૩) શ્રીમતી ચંદ્રીકાબેન પરીખ (૪) શ્રીમતિ અર્ચનાબેન ગાંધી તથા (૫) શ્રીમતી નીપાબેન શાહ હતા. નાસ્તામાં ગરમાગરમ બટાકાવડા તથા દાળવડા હતા, બધી બહેનોએ ખુબ આનંદથી ખાધા.

ઉપસ્થિત સભ્ય બહેનોને મહિલા મંડળ તરફથી નવરાત્રિ લ્હાણીમાં 'રંગોળી'ની ભેટ આપવામાં આવી. આ પ્રોગ્રામને સફળ બનાવવામાં બધી સભ્ય બહેનોના સહકારનો સેક્રેટરીએ આભાર વ્યક્ત કર્યો અને હંમેશા સાથ આપતા રહેશો તેવી વિનંતિ કરી સર્વે એકબીજાને જય શ્રી કૃષ્ણ કહી છુટા પડ્યા.

સેક્રેટરી — પ્રમુખ

જયોતિબેન દલાલ — નિપાબેન શાહ

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર-સંપાદક** : દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડન્સી, બિનોરી સોલીટેર પાસે, 'સોબો' સેન્ટરની પાછળ, સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮.

(M) 98791 10027 (R) 02717-401364, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહિ મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજ માં પોતાનું હાલનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા, શ્રધ્ધાંજલિ, જા.ખ તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

## લગ્ન

**ભૂજ** : મુંબઈ નિવાસી શ્રી જયંતિભાઈ રામજીભાઈ વાયડા (શાહ)નાં સુપુત્ર ચિ. દિપેન નાં લગ્ન કોલ્હાપુર નિવાસી શ્રી સતિષભાઈ વલ્લભદાસ શાહી સુપુત્રી ચિ. અમી સાથે તા.૩૦-૧૧-૧૭નાં રોજ ભુજ ખાતે થયેલ છે. આ પ્રસંગે વા.મિ.ને શ્રી જયંતિભાઈ રામજીભાઈ શાહ તરફથી રૂા. ૧૦૦૧/- તથા શ્રી સતિષભાઈ શાહ તરફથી રૂા. ૧૦૦૧/- ભેટ મળેલ છે.

**માંડવી** : વડોદરા નિવાસી પ્રિતિ શાહ અને પરેશ શાહની સુપુત્રી ચિ. રાધિકાનાં શુભલગ્ન તા. ૨૩-૧૧-૧૭ના રોજ સિંગાપુરનિવાસી શ્રી નરેશ મહેતા અને હિનાબહેન મહેતા નાં સુપુત્ર ચિ. સેજલ સાથે સંપન્ન થયેલ છે. આ પ્રસંગે શ્રી પરેશભાઈ શાહ તરફથી વા.મિ.ને રૂા. ૧૦૦૧/-ને ભેટ મળેલ છે.

**મુંબઈ** : શ્રી નરેન્દ્રભાઈ કરશનદાસ શાહના સુપુત્ર ચિ. નિરવનાં શુભલગ્ન માધાપરનિવાસી નિતાબેન નયનભાઈ શાહની સુપુત્ર ચિ. ધ્વનિ સાથે તા. ૨૩-૧૧-૧૭નાં રોજ થયેલ છે. આ પ્રસંગે શ્રી નરેન્દ્રભાઈ તરફથી વા.મિ.ને રૂા. ૨૦૦૧/- ની ભેટ મળેલ છે.

સ્વ. મંજુલાબહેન રમેશચંદ્ર શાહ (કડીવાળા) પરીવારના જય શ્રી કૃષ્ણ

## અવસાન

**અમદાવાદ :** સ્વ. શિરિષભાઈ પી. શાહ ઉ. વર્ષ – ૮૯, તા.૧૦–૧૨–૧૭નાં રોજ શ્રીજી ચરણ થયેલ છે.

## લગ્ન વિષયક

★★★

મૂળ ભૂજ કચ્છનાં હાલ વડોદરાસ્થિત શ્રી દિનેશભાઈ હેમચંદ શાહના સુપુત્ર જન્મતા ૨૬–૧–૯૦ ઉં. ૫'૧૦", વજન ૬૦ કીલો. જોબ. આસીસ્ટન્ટ મેનેજર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, યોગ્યતા ધરાવતા યુવતીનાં માતા પિતા તરફથી સંપર્ક આવકાર્ય છે.

સંપર્ક મો. ૭૬૦૦૬૧૬૪૩૫

## લગ્ન વિષયક

★★★

ચિ. હર્ષિત દિલીપભાઈ શાહ જન્મ તા ઓક્ટોમ્બર ૯૨ ઉં. ૬ ફુટ, વજન ૭૮ કીલો. B.TECH (IT) માટે સુશિક્ષિત યોગ્ય કન્યાના વાલીને નીચેનાં સરનામે સંપર્ક કરવા વિનંતી છે. ચિ. હર્ષિત હાલમાં U.K. Based I.T. કંું જોબ. કરે છે.

M : Dilipbhai 9426375079, Ph.:079-27450763

E-mail : ebshah@cept.ac.in

## સુવિચાર

– જેને પોતાન દોષ જોવા છે, સામાના દોષ જોવા નથી, તેનું આ જગતમાં કોઈ નામ લેનાર નથી.

– પોતાનો નાનામાં નાનો દોષ દેખાય, એનું નામ જાગૃતિ.

– તમે જે વસ્તુ આંતરશો, તે વસ્તુ તમને પ્રાપ્ત નહિ થાય.

– જે પારકા માટે જીવે છે, તેને કિંચિત્‌માત્ર દુ:ખ નથી ને જે પોતાને માટે જીવે છે, તેને બધાં જ દુ:ખો છે.

– મન–વચન–કાયાથી સત્ય બોલે તો વચનસિદ્ધિ પ્રાપ્ત થાય.

પ્રવીણાબહેન દીપકભાઈ દલાલ, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ ના જય શ્રી કૃષ્ણ.

'આરતી મેટરનીટી હોસ્પિટલ' ડૉ. સંજય ગાંધી (ડીસા)ના જય શ્રી કૃષ્ણ.

# શ્રધ્ધાંજલિ

★★★



**સ્વ. ડૉ. રશ્મિકાંત શાંતિલાલ પરીખ**

**જન્મ : ૨૩-૧૧-૧૯૩૪** **શ્રીજી ચરણ : ૦૭-૧૨-૨૦૧૭**

પરમકૃપાળુ પરમાત્મા આપના

જીવાત્માને ચિર:શાંતિ અર્પે

તેમજ આવી પડેલ દુ:ખ સહન કરવાની

સૌને શક્તિ અર્પે એ જ પ્રાર્થના

૩૩, સોનારૂપા એપાર્ટમેન્ટ્સ, લાલ બંગલા સામે,

શ્રી અરવિંદ માર્ટ, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૫૪.

ફોન : ૦૭૯-૨૬૪૨૫૬૮૮

**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**

સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વલ્લભદાસ મોતીચંદ પરિવાર, (કોલ્હાપુર)ના સર્વ જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ.

# શ્રધ્ધાંજલિ

★★★



**સ્વ. નયનભાઈ નવીનચંદ્ર શાહ**

**જન્મ : ૩૧-૦૮-૧૯૪૩** **શ્રીજી ચરણ : ૦૫-૧૦-૨૦૧૭**

પરમકૃપાળુ પરમાત્મા આપના

જીવાત્માને ચિર:શાંતિ અર્પે

તેમજ આવી પડેલ દુ:ખ સહન કરવાની

સૌને શક્તિ અર્પે એ જ પ્રાર્થના

બી-૧, યુનિયન ફ્લેટ્સ, અન્નપૂર્ણા ભવન પાસે,

નવા વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : ૦૭૯-૨૬૬૩૫૧૯૨

**શ્રી વાયડ ટ્રાવેલ ફંડ**

એમ. જે. નગરશેઠ (અમેરિકા)ના જય શ્રી કૃષ્ણ.

# શ્રદ્ધાંજલિ

★★★



**સ્વ. નેહા નરેન્દ્ર શાહ**

**જન્મ : ૧૮-૦૧-૧૯૮૫** **શ્રીજી ચરણ : ૦૩-૦૧-૨૦૧૪**

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી ?
વિદાય તારી અણધારી હશે ક્યાં ખબર હતી ?
આશા-અરમાન અધુરાને આંખડી મીંચાઈ ગઈ !
હસતા રમતા પરિવારની દિશા અને ઋતુ જ બદલાઈ ગઈ
તું આજે અમારી સાથે હોત તો અમારૂ જીવન કંઈક અલગ જ હોત
તારી સાથે બહુ જ ઓછો સમય વિતાવ્યો છે પરંતુ...
તારી ખોટ તો જીવનભર અધુરી રહેશે.
આપના પવિત્ર આત્માને પરમેશ્વર
પરમ શાંતિ અર્પે એજ અભ્યર્થના

**શાહ કરસનદાસ ખેંગાર પરિવાર**

★★★

# શ્રી વાયડા વણિક શિક્ષણોત્તેજક સહકારી સોસાયટી લિમિટેડ, અમદાવાદ





## Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

### RJP Infrastructure Pvt. Ltd.

**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

### J.J. Parikh & Brothers

**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

### J. Bipinchandra & Co.

**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

### J. J. Parikh Pharma Pvt. Ltd.

**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

### Late Shri Jashubhai J. Parikh - Adv.
### Mrugesh J. Parikh – Advocate

**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

### JARUN
### Pharmaceuticals Pvt. Ltd.

**Pharmaceutical Company**
**Since 2007**
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

**Ramendra – Gita Parikh**
**Keval – Kinnari**
**Chinmayee, Sharman**
**Vrajesh – Shefali Shelat**
**Om, Arjun**

**Jashubhai – Kokilaben Parikh**
**Harshul – Alpa , Mrugesh - Ratna**
**Bhrita, Darsh, Parita, Darshil**
**Bakul – Nita Dalal**
**Meera – David Burns**
**Chinmay**

**Umakant – Maya Parikh**
**Ina**
**Hiren – Shruti**
**Harshank, Mishika**
**Bhavesh – Shital Choksi**
**Shivam, Ritika**

Regi. under RNI No. 6316/57. Permitted to post Ahmedabad PSO on 10th of every month under postal Regd. No.MEH Dn.-296 issued by Asstt. Director Postal Services, O/o Chief Postmaster General, Gujarat Circle, Ahmedabad-380001, Valid upto 31-12-2018 પ્રકાશન ૧૦-૧-૨૦૧૮



ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed by Shrenik Parikh at Shree Vallabh Printery, B/2 Ellisbridge Shopping Centre, Opp. Townhall, Ahmedabad-380006. M.9428913311. Published by Shrenik Parikh on behalf of Akhil Bhartiya Vayada Parishad Association from B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006. Editor : Shrenik Parikh